CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૪ ● અંક : ૨૫
તા.૦૧-૦૩-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ ફાગણ સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૨ સૂર્યાસ્ત : ૦૬:૪૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૬.૪ | વડોદરા | ૩૭.૮ |
| અમદાવાદ | ૩૬.૮ | સુરત | ૩૯.૨ |
| ગાંધીનગર | ૩૬.૦ | નલિયા | ૩૬.૬ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# મની લોન્ડરિંગ કેસમાં કાર્તિ ચિદમ્બરમની ધરપકડ

## વિચાર વૈભવ...

'તું સાબુ કયો વાપરે છે?'
'બજરંગ સાબૂ'
'શેમ્પૂ?'
'બજરંગ શેમ્પૂ'
'પેસ્ટ?'
'બજરંગ પેસ્ટ'
'ચોકલેટ?'
'બજરંગ ચોકલેટ'
'બજરંગનું ઉત્પાદન આટલું બધું જોરદાર છે?'
'ના'
'તો?'
'હું જે હોસ્ટેલમાં રહું છું એ હોસ્ટેલમાં મારો જે રૂમ પાર્ટનર છે એનું નામ બજરંગ છે.'

હાથી પાસે બળ છે, શિયાળ પાસે છળ છે પણ માણસ પાસે તો બળ અને છળની સાથે કળ પણ છે. અને આ કળના આધારે જ એ આત્મામાંથી પરમાત્મા બની શકે તેમ છે. પણ દુઃખદ આશ્ચર્ય એ સર્જાયું છે કે આજના માણસને બળપ્રયોગમાં અને કળપ્રયોગમાં એટલો રસ નથી રહ્યો જેટલો રસ છળપ્રયોગમાં રહ્યો છે. અને એનું જ આ દુષ્પરિણામ આવ્યું છે કે પશુજગતને પણ શરમાઈ જવું પડે એવા બેશરમીભર્યાં કૃત્યો માણસના નામે જમા થઈ રહ્યા છે. રે માનવ! તારી આ કલંકકથા?

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

### વિદેશથી આવી પહોંચ્યા બાદ તેમના આવાસ પરથી ધરપકડ કરાઈ : ૧૬મી ફેબ્રુઆરીએ દિલ્હીમાં ફાઇવ સ્ટાર હોટલમાંથી કાર્તિના સીએ ભાસ્કર રમનની ધરપકડ કરાયા બાદથી કાર્તિ સકંજામાં : કોર્ટમાં રજૂ કરાયા

નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આખરે આઈએનએક્સ મીડિયાના મની લોન્ડરિંગ મામલામાં ભૂતપૂર્વ નાણાંપ્રધાન પી. ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ધરપકડ કરી લેવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. ધરપકડ કરવામાં આવ્યા બાદ કાર્તિ ચિદમ્બરમને દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબીઆઈએ કહ્યું હતું કે, કાર્તિ ઘણા સમયથી તેમના પ્રશ્નોના જવાબ આપી રહ્યા ન હતા. તપાસને ખોરવવાના પ્રયાસ કરી રહ્યા હતા. પુરાવાના સંદર્ભમાં ખોટા નિવેદનો આપી રહ્યા હતા. આ તમામ બાબતોના લીધે તપાસમાં અડચણો આવી રહી હતી. સીબીઆઈએ એમ પણ કહ્યું હતું કે, તપાસમાં કાર્તિ બિલકુલ સહકાર આપી રહ્યા ન હતા. દિલ્હીમાં કોર્ટમાં કાર્તિને રજૂ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીની ઉંઘ હરામ થઇ ગઇ છે. કાર્તિ પર તપાસમાં સહકાર નહીં આપવાનો આક્ષેપ કરવામા ંઆવી રહ્યો છે. તેમની ચેન્નાઇ સ્થિતી તેમના આવાસ પરથી ધરપકડ કરવામાં આવી હતી. કાર્તિને લંડનથી પરત ફર્યા બાદ તેમના આવાસથી પકડી લેવામા ંઆવ્યા હતા. આ કેસમાં થોડાક દિવસ પહેલા તેમના સીએ એસ ભાસ્કર રમનની પણ ધરપકડ કરવામાં આવી હતી. એફઆઈબીબી દ્વારા આઈએનએક્સ મીડિયાને વર્ષ ૨૦૦૭માં વિદેશી નાણાં એકત્રિત કરવા માટે મંજુરી આપવામાં આવી હતી. આ સમગ્ર મામલે કાર્તિનુ નામ સપાટી પર આવ્યુ હતુ.

## શેરબજારમાં મંદી : સેંસેક્સ ૧૬૨ પોઈન્ટ ઘટીને બંધ થયો

મુંબઇ

શેરબજારમાં આજે પણ મંદી અકબંધ રહી હતી. કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૧૬૨ પોઈન્ટ ઘટીને ૩૪૧૮૪ની સપાટીએ રહ્યો હતો. ફિસ્કલ ડેફિસિટને લઈને ચિંતા વચ્ચે સેંસેક્સમાં ઘટાડો નોંધાયો હતો. બીજી બાજુ બ્રોડર નિફ્ટી ૬૧ પોઈન્ટ ઘટીને ૧૦૪૯૩ની નીચી સપાટીએ રહ્યો હતો. આજે જારી કરવામાં આવેલા આર્થિક આંકડામાં ભારતનો ફિસ્કલ ડેફિસિટનો આંકડો એપ્રિલ-જાન્યુઆરી માટે ૬.૭૭ ટ્રિલિયન રૂપિયા અથવા તો ૧૦૩.૭૨ અબજ ડોલર રહ્યો હતો. માર્ચ મહિનામાં પૂર્ણ થતાં નાણાંકીય વર્ષ માટે નક્કી કરવામાં આવેલા મૂળભૂત ટાર્ગેટમાં ૧૧૩.૭ ટકાની આસપાસનો છે. વૈશ્વિક બજારોમાં એશિયન શેરબજાર માં અફડાતફડી રહી હતી. જીડીપી જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં ૬.૩ ટકા સુધી રહ્યો હતો. એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ૫.૭ ટકાની ત્રણ વર્ષની નીચી સપાટીએ રહ્યા બાદ જુલાઈ-સપ્ટેમ્બરના ગાળામાં તેમાં ઉછાળો નોંધાયો હતો. તે પહેલા ૭.૫ ટકાનો આંકડો રહ્યો હતો. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની વિઝા પોલિસીની અસર ટીસીએસ, ઈન્ફોસીસ, વિપ્રો ઉપર જોવા મળી શકે છે. ઉપરાંત એફપીઆઈના આંકડા, ડોલર સામે રૂપિયાની ચાલ, ક્રૂડ ઓઈલની કિંમતો જેવા પરિબળોની અસર પણ જોવા મળશે.

## શ્રીદેવી પંચતત્વમાં વિલિન : લાખો ચાહકો ભાવનાશીલ

મુંબઈ

બોલિવુડની ચાંદની શ્રીદેવી પંચતત્વમાં વિલિન થઇ ગઇ હતી. લાખોની સંખ્યામાં ચાહકો અને મહાનાયક અમિતાભ બચ્ચન સહિત બોલિવુડની તમામ સેલિબ્રિટીઓ શ્રીદેવીના અંતિમસંસ્કાર વેળા ઉપસ્થિત રહી હતી. પતિ અને ફિલ્મ નિર્માતા-નિર્દેશક બોની કપુરે શ્રીદેવીને અગ્નિદાહ આપ્યો હતો. આ ગાળા દરમિયાન તમામ ભાવનાશીલ બની ગયા હતા. કરોડો લોકોના દિલોદિમાગ પર વર્ષો સુધી રાજ કરનાર બોલિવુડની રૂપની કી



રાની શ્રીદેવીના પૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. શ્રીદેવીને દુલ્હનની જેમ સજાવવામાં આવી હતી. તેને લાલ ખુબસુરત વસ્ત્રો પહેરાવવામાં આવ્યા હતા. સવારમાં સેલિબ્રેશન સ્પોર્ટસ ક્લબમાં પાર્થિક શરીરને તમામ ચાહકો માટે રાખવામાં આવ્યા બાદ બપોરે શ્રીદેવીની અંતિમ યાત્રા શરૂ થઇ હતી. જે કલાકો સુધી ચાલી હતી. રસ્તામાં લાખો ચાહકો ઉમટી પડ્યા હતા. મુંબઈના વિલે પાર્લે શ્મશાન ગૃહમાં શ્રીદેવીના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. તમિળનાડુથી ખાસ રીતે બોલાવવામાં આવેલા પંડિતોએ ખાસ વિધી કરી હતી. દક્ષિણ ભારતની રીતી મુજબ શ્રીદેવીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### ૩૧ હજાર ખેડૂતોએ સહાય માટે અરજી કરી

## બનાસકાંઠામાં બટાટાની ભાડા સહાય ટૂંક સમયમાં ચૂકવાશે

### ૧૫ હજાર અરજીની ચકાસણી કરી દેવાઈ : બાગાયત અધિકારી

(પ્રતિ.) ડીસા

રાજ્યમાં બટાટાના ભાવને લઈને સરકારે રાહત આપવાની અનેક જાહેરાત કરી હતી જે જાહેરાત બાદ હજુ સુધી ખેડૂત કે વેપારી ને સહાય મળી નથી ત્યારે ચાલુ સાલે પણ ખેડૂતને પૂરતા ભાવ મળી રહ્યા નથી. ખાસ કરીને બનાસકાંઠા માં બટાટા પકવતા અને વેપાર કરતા વેપારીઓ અને ખેડુતો આર્થિક ભીંસના કારણે આપઘાત તરફ વળ્યા છે અને બે વર્ષના સમયમાં ૧૫ જેટલા આપઘાતના બનાવો બની ચુક્યા છે. રાજ્યમાં બટાટાના વાવતેર અને ઉત્પાદનમાં સમગ્ર દેશ માં નામના મેળવી છે જેમાં બનાસકાંઠાએ સમગ્ર દેશમાં બટાટા ની ક્વોલિટીમાં નંબર વન રહ્યું છે અને નેતાઓ પણ બનાસકાંઠાના બટાટાની વાત અવારનવાર સભાઓમાં કરી રહ્યા છે પણ બટાટા પકવતા ખેડૂત અને વેપારીની હાલત કઈક અલગ છે.બનાસકાંઠામાં છેલ્લા ચાર વર્ષ થી બટાટાના ભાવ ગગડતા ખેડૂત અને વેપારી વ્યાપક નુકસાન વેઠી રહ્યાં છે. બટાટાના ભાવ ખેતરમાં ન મળવાના કારણે ખેડૂતો સ્ટોરેજમાં મૂકે છે પરંતુ ચાલુ સાલે બટાટા રોડ પર ફેકવાનો વારો આવ્યો છે. ત્યારે સરકારમાં ખેડૂત અને વેપારીઓની થયેલ રજુઆત

### ૧૧૦ કરોડની સહાય રાજ્ય સરકાર ચૂકવશે

બાદ રાહત જાહેર કરી જેમાં ટ્રાન્સપોર્ટ સબસીડી અને સ્ટોરેજના ભાડા માં પ્રતિ

અનુસંધાન પાના નં.૬

તો બીજી તરફ ખેડૂતોના બટાટા જે સ્ટોરેજમાં પડેલ હતા તેના પર સરકારે પ્રતિ કિલો એક રૂપિયાની સહાયની વાત કરી હતી જે પણ આજદિન સુધી મળી નથી અને ચાલુ સાલે પણ પોસાત્મક ભાવન હોવાના કારણે ખેડૂત સ્ટોરેજ માં બતાટ્સ મૂકી રહ્યા છે અને ખેડૂતને આપઘાત કરવાનો વારો આવ્યો છે ત્યારે સરકાર ખેડૂત ની બેલી થઈ ટેકા ના ભાવે બટાટા ખરીદે તેવી ખેડૂતો ની માંગ ઉઠી છે.ખેડૂતો કહે છે ચૂંટણી પહેલા જાહેરાત કરી અને ખેડૂતો એ સરકારને ખોબલે ખોબલે મત આપી સત્તા અપાવી ત્યારે હવે ખેડૂત ને ભૂલી ન જવું જોઈએ..

- ભાવેશ માળી..વેપારી

કોલ્ડસ્ટોરેજના ભાડામાં સહાયની વાત સરકારે કરતા બનાસકાંઠા ના ૩૧ હજાર ખેડૂતોએ ભાડાની સહાય માટે અરજીઓ કરી છે અને ૩૧ ડિસેમ્બર સુધી અરજી કરવાની છેલ્લી તારીખ હતી જે સમય વીત્યને આજે બે માસ થઈ ગયા છતાં ખેડૂતને સહાય ની પાઈ મળી નથી ત્યારે અધિકારીઓ કહે છે અરજીઓ આવી છે અને ટુક સમયમાં મળી જશે તેવી વાત કરી રહ્યા છે. જો કે અરજીઓની ચકાસણી ચાલુ હોવાનું જણાવ્યું હતી..

-રાજાભાઈ રબારી..ખેડૂત, લક્ષ્મણભાઈ માળી..ખેડૂત..

બટાટા માં છેલ્લા ચાર વર્ષથી ભાવ ન મળવાના કારણે અત્યાર સુધી માં આર્થિક સંકડામણ ના કારણે ૧૫ જેટલા ખેડૂતો અને વેપારી આપઘાત કરી ચુક્યા છે અને આવનાર સમયમાં જો બટાટાના ભાવ યોગ્ય નહિ મળે તો વધુ ખેડૂતો અને વેપારી આપઘાત કરે તો નવાઈ નથી. સરકાર પણ જાહેર કરેલ સબસીડી ખેડૂત અને વેપારીને જલ્દી માં જલ્દી ચૂકવી તેમજ નવા બટાટા ના ભાવ ને લઈને સરકાર એ કઈક વિચારવાની જરૂરી છે.

- જે.બી.સુથાર..નાયબ બાગાયત અધિકારી, બનાસકાંઠા

## રાધનપુરના ડામરકાના એસ.એસ.બી. જવાનની વેસ્ટ બંગાળમાં ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ કરાઈ



કમલ ચક્રવર્તી



રાધનપુર

રાધનપુરના ડામરકા વિસ્તારના ૪૦ વર્ષીય એસ.એસ.બી.માં ફરજ બજાવતા દશરથભાઈ કરશનભાઈ રાણાનું વેસ્ટ બંગાળની ખપરલ બોર્ડર ઉપર આઠ બટાલિયનમાં ફરજ દરમ્યાન મગજના મેલેરિયાથી દુઃખદ અવસાન થતા સ્વર્ગસ્થના મૃતદેહને હવાઈમાર્ગે અમદાવાદ અને ત્યાંથી રાધનપુર લાવવામાં આવ્યો હતો,અને બુધવારે સવારે જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ ડામરકા ખાતે કરવામાં આવી હતી, સ્વર્ગસ્થની બે દીકરીઓ ઉષાબેન અને કાળીબેને પિતાની નનામીને કાંધ આપી ત્યારે સમગ્ર વાતાવરણ કરુણ બની જવા પામ્યું હતું. ડામરકાના વતની અને છેલ્લા ૧૮ વર્ષથી એસ.એસ.બી.માં ફરજ બજાવતા દશરથભાઈ કરશનભાઈ રાણા વેસ્ટ બંગાળની બોર્ડર ઉપર ફરજ બજાવતા હતા.જેમને મગજનો મેલેરિયા થઈ જતા ફરજ દરમ્યાન તેઓ મંગળવારે શહિદ થઈ ગયા હતા,જેની જાણ કુટુંબીજનોને કરતા ઘરમાં રોકકળ મચી જવા પામી હતી.સ્વર્ગસ્થ શાહિદ દ્શરથભાઈનો મૃતદેહ હવાઈ માર્ગે અમદાવાદ ખાતે લાવવામાં આવ્યો હતો,અને મધ્યરાત્રીએ રાધનપુર લવાયો હતો.અને બુધવારે સવારે અંતિમવિધિ હોવાથી પ્રાંત અધિકારી એસ.ડી.ગિલવા, એ.એસ.પી. પાર્થરાજસિંહ ગોહિલ, પોલીસ તંત્ર, જિલ્લા ભાજપ મહા મંત્રી પ્રવીણ ભાઈ મહાલક્ષ્મી, પૂર્વ ધારાસભ્ય લવિંગજી સોલંકી, ધારાસભ્યના પી.એ. હાર્દિકભાઈ ત્રિવેદી,શહેર કોંગ્રેસ પ્રમુખ કાનજીભાઈ પરમાર, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નવીનભાઈ પટેલ સહીત અનેક અગ્રણીઓ અને લોકો વિશાળ સંખ્યામાં ડામરકા ખાતે ઉમટી પડ્યા હતા. અને શહિદની અંતિમયાત્રા તેમના નિવાસ સ્થાનેથી નીકળી ત્યારે દશરથભાઈ અમર રહો અને ભારત માતા કી જયના જયઘોષથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. એ અગાઉ શહિદ દ્શરથભાઈની લાશને ત્રિરંગામાં લપેટીને રાખવામાં આવી હતી.એસ.એસ.બી.ના જવાનો દ્વારા આન-બાન

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરની બેંક ઓફ ઇન્ડિયાને રૂ. ૨.૮૬ કરોડનો ચૂનો લગાવાયો

### ડીસાના બે કોલ્ડસ્ટોરેજના માલિકોએ લોન લઈ નાણાં ભરપાઈ ન કરતા છેતરપિંડીની ફરિયાદ

પાલનપુર

પી.એન.બી. કૌભાંડ સમગ્ર દેશમાં ગાજી રહ્યું છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ રૂ.૨.૮૬ કરોડનો ચૂનો ચોપડાયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં પાલનપુર સ્થિત બેંક ઓફ ઈન્ડિયામાંથી ડીસાના કોલ્ડ સ્ટોરેજના બે માલિકોએ બટાકાના બિયારણના સંગ્રહ માટે લોન લીધી હતી. જોકે, તેમણે ખેડૂતો પાસેથી બટાકા મુકવાના ભાડાની ઉઘરાણી કરી લીધા બાદ બેંકની લોનના રૂપિયા ૨.૮૬ કરોડ ભરપાઈ ન કરતા બેંક સાથે છેતરપીંડી કરી છે. આ અંગે બેંકના અધિકારીએ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી



સંજય જોષી

વધુ તપાસ હાથ ધરી છે. વિજય માલ્યા બાદ તાજેતરમાં પંજાબ નેશનલ બેંક સાથે નિરવ મોદીએ કરોડો રૂપિયાનું કૌભાંડ આચર્યુ હતુ. આ ગોટાળાઓની તપાસ ચાલી રહી છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુર સ્થિત બેંક ઓફ ઈન્ડિયા સાથે પણ ડીસાના કોલ્ડસ્ટોરેજના બે સંચાલકો દ્વારા છેતરપીંડી આચરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ડીસા તાલુકાના માલગઢના મનોજકુમાર રામચંદ્ર ગેહલોત અને ડીસા અનુપમ સોસાયટી ખાતે રહેતા જીતેન્દ્ર હિરાલાલ સોલંકીએ પાલનપુરની જોરાવર પેલેસ સામે પાર્થ કોમ્પલેક્ષમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયાની શાખામાંથી માલગઢ સ્થિત રિધ્ધિ -સિધ્ધિ કોલ્ડ સ્ટોરેજમાં બટાકાના બિયારણના સંગ્રહ માટે રૂપિયા ૨,૮૬,૦૦,૦૦૦ ની લોન લીધી હતી. જોકે, તેમણે ખેડૂતો પાસેથી બટાકા મુકવાના ભાડાની રકમ વસુલ્યા પછી પણ બેંકમાંથી લીધેલી લોનના રૂપિયા ૨,૮૬,૦૦,૦૦૦ ભરપાઈ ન કરી બેંક સાથે છેતરપીંડી આચરી હતી. આ અંગે બેંકના અધિકારી સાકેતકુમાર રવિન્દ્રનાથ સહાયે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે બંને સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વિદ્યાર્થીઓ માટે, શિક્ષકો માટે સૌના માટે

હવે ખુલશે ખુશીઓનો ખજાનો...

# ધો.૧૨ પરીક્ષા માર્ચ-૨૦૧૮ ની હોલ ટિકિટનું જિલ્લા સ્થળે વિતરણ થશે : જિલ્લા શિક્ષણાધિકારી

તા.પ્રતિ. થરા

બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી હર્ષદભાઈ એલ.રાવલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૨ મી માર્ચ-૨૦૧૮ થી શરૂ થનાર ધો.૧૦ એસ.એસ.સી. અને એચ.એચ.સી. (ધો.૧૨) પરીક્ષાની હોલ ટિકિટ (પ્રવેશ રિસિપ્ટ) જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ શાળાના આચાર્ય તા.૧/૩/૧૮ ને ગુરૂવારના રોજ સવારે-૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધીમાં જિલ્લાના વિતરણ સ્થળ એસ.બી.ચાવડા સરસ્વતી હાઈસ્કુલ, ઢુંઢીયાવાડી-પાલનપુર ખાતેથી શાળાના લેટરપેડ પર મુખત્યારપત્ર રજુ કરીને મેળવી લેવી અને સમયસર દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનોને પહોંચાડવાની રહેશે.

# કંબોઈ નગરે સુપાર્શ્વનાથ દાદાની ૧૦૭મી સાલગિરિ યોજાઇ

પ્રતિ. કંબોઈ

કંબોઈ નગરે ફાગણ સુદ ૨ તા.૧૭/૨/૨૦૧૮ ના દિવસે સુપાર્શ્વનાથ દાદાની ૧૦૭ મી સાલગીરી પૂ.સાગરજી મ.સા.ના સમુદાયના ત્રિપુરા બંન્ધુ ગુરૂદેવના શિષ્ય પૂ.આચાર્ય શ્રી.પૂર્ણચન્દ્ર સાગરસુરીજી મ.સા. આદીઠાણા ૧૦ તેમજ પ.પૂ.સા. દેવયશાશ્રીજી મ.સા.આદી પરિવાર અને પ.પૂ.૧૦૮ ભક્તિ વિહારના પ્રરેક આ.દેવ શ્રી પ્રેમસુરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાધ્વીજી શીલ ગુણાશ્રીજી.મ.સા.ના શિષ્ય પ.પૂ સા સિધ્ધાંત શીલાશ્રીજી મ.સા આદીઠાણાની નિશ્રામાં બહુજ ધામધુમપૂર્વક યોજાયેલ. વહેલી સવારે પ્રભુજીના પ્રભાતીયા રાખવામાં આવેલ. ત્યારબાદ ધ્વજાદંડના લાભાર્થી કુરીયા સવિતાબેન રતિલાલના નિવાસ સ્થાને પ.પૂ.આચાર્ય ભગવંત અને સાધ્વીજીગણ સકલ સંઘ સાથે વાજતે ગાજતે ધજા લેવા ગયેલ. ત્યારબાદ પ્રભુજીના અઢાર અભિષેક શ્રી કંબોઈ જૈન સંઘ તરફથી તેમજ સત્તરભેદી પૂજા કુરીયા કૈલાસબેન નાથાલાલ શાહ પરિવાર તરફથી રાખવામાં આવેલ. વિજય મુહુર્તે લાભાર્થી પરિવાર દ્વારા ધજા ફરકાવવામાં આવેલ ત્યારબાદ પૂ.આચાર્ય ગુરૂદેવએ શાંતીપાઠ અને માંગલીક પ્રવચન ફરમાવ્યું હતું.

# ડીસા અને લાખણી તાલુકાઓનો ''દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ'' યોજાયો



પાલનપુર

ગુજરાત કો. ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન અને બનાસ ડેરીના સયુંકત ઉપક્રમે ડીસા અને લાખણી દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ કેટલફીડ કાતરવા ખાતે બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે દૂધ ઉત્પાદક બહેનોને સંબોધતા ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે દૂધ દિન ઉજવણી અને મહિલા જાગૃતિ કાર્યક્રમ એ જ્ઞાન અને માહિતીની મીટિંગ છે, વિશ્વની અંદર દૂધ ઉત્પાદકોને અમેરિકાની ડેરીઓ પોતાના કુલ ખર્ચના ૪૫ ટકા, યુકેની ડેરીઓ ૫૨ ટકા, ન્યુઝીલેન્ડની ડેરી ૬૦ ટકા ખેડૂતોને આવક તરીકે આપે છે તેની સામે બનાસ ડેરી પોતાના કુલ ખર્ચના ૮૨ ટકા ખેડૂતોને આવક તરીકે ચૂકવે છે તે એક વિશ્વ વિક્રમ છે. મંડળી સ્તરે દૂધની સ્વછતા, પશુનું દોહન કરવા જેવી બાબતો પર વિશેષ પ્રકારની કાળજી રાખીશું તો દૂધની ગુણવત્તામાં હજી સારો વધારો થઇ શકે છે. દૂધની ગુણવત્તાએ સમયની માંગ છે. બનાસ ડેરી સાથે જોડાયેલી ડીસા અને લાખણી તાલુકાની દૂધ મંડળીઓ ખૂબ સુંદર કામ કરી રહી છે જેમાં રતનપુર-ભીલડી, ઢેઢાલ, ડાવસ, તાલેપુર(ધા), ગણેશપુરા-લાખણી, કૃષ્ણનગર, લાખણી, માણકી, અમરાપુર (વા) વગેરે દૂધ ઉત્પાદક મંડળીઓ સમયની માંગ સાથે વિકાસ સાધી રહી છે તેના બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. જ્યારે કેટલીક દૂધ મંડળીઓમાં નાની -નાની ત્રુટિઓ છે તે સુધારવાની જરૂર છે.

આ પ્રસંગે બનાસડેરીના વાઈસ ચેરમીન માવજીભાઈ દેસાઈ, રાજ્ય સરકારના પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણ, બનાસકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે, જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન બાબરાભાઈ પટેલ, બનાસ બેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, લાખણી માર્કેટ યાર્ડના ચેરમેન તેજાભાઈ પટેલ, ભાભર માર્કેટ યાર્ડના ચેરમેન લાલજીભાઈ પટેલ, ટી.પી રાજપૂત, હેમરાજભાઈ ચૌધરી, શાંતુભા વાઘેલા, બનાસ બેંકના ડિરેક્ટર બાબુભાઈ દેસાઈ, ડીસા તાલુકા ભાજપ અગ્રણી લેબજીભાઈ ઠાકોર, ડીસા માર્કેટ યાર્ડના વાઈસ ચેરમેન કરશનભાઈ પટેલ, ભીલડી નાગરિક બેંક ચેરમેન માનસુંગભાઈ ચૌધરી, જિલ્લા ખ.વે. સંઘના ચેરમેન ખેતાભાઈ રબારી અને પદ્મશ્રી ગેનાજીભાઈ પટેલ સહિત ડીસા અને લાખણી તાલુકાઓની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓમાંથી વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદક મહિલાઓ અને મંડળીના ચેરમેનઓ/મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતીવાડા તાલુકાની માળીવાસ પ્રા.શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ

પાલનપુર

દાંતીવાડા તાલુકાની માળીવાસ પ્રાથમિક શાળામાં ડૉ.સી.વી.રામનની યાદમાં તા.૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રી ય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. રામન ઈફેકટની યાદમાં ઉજવાતાં રાષ્ટ્રી ય વિજ્ઞાન દિન નિમિત્તે બાળકોને વૈજ્ઞાનિક સમજ આપવા તથા વૈજ્ઞાનિક ડૉ. સી.વી.રામનની શોધોથી બાળકો માહિતગાર થાય તે માટે શાળાના મુખ્યશિક્ષકશ્રી ઉત્પલકુમાર કુલકર્ણી દ્વારા રાષ્ટ્રી ય વિજ્ઞાન દિવસ ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના મુખ્યશિક્ષકશ્રી ઉત્પલકુમાર કુલકર્ણીએ જણાવ્યું કે રામન ઈફેકટના સંશોધક ડૉ.સી.વી.રામને તા.૨૮ ફેબ્રુઆરી-૧૯૨૮ના રોજ રામન ઈફેકટ રજુ કરી હતી. તે બદલ તેમને નોબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ.સી.વી. રામનનો જન્મ તામિલનાડુ રાજ્યનાં તિરુચિરાપલ્લી ખાતે થયો હતો. એમની માતૃભાષા તમિલ છે. બાળપણમાં જ તેમના પરિવારને વિશાખાપટનમ, આંધ્ર પ્રદેશ ખાતે રહેવા જવાનું થયું. તેમના પિતાજી ગણિત તથા ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા હોવાને કારણે રામનને ભણવાનું યોગ્ય વાતાવરણ ઘરમાં જ મળી ગયું હતું.

ડૉ. ચંદ્રશેખર વેંકટરામને ઈ.સ. ૧૯૨૮ની ૨૮ ફેબ્રુઆરીના દિવસે પ્રકાશના પરાવર્તનની વિસ્મયકારક ઘટના નિહાળી. વિજ્ઞાનજગતમાં આ ઘટનાનો પ્રભાવ એટલો બધો પડ્યો કે સમગ્ર એશિયામાંથી ભૌતિકશાસ્ત્રમાં નોબલ પારિતોષિક સૌ પ્રથમ તેમને એનાયત થયું હતું. વિજ્ઞાનની આ સુવર્ણ ઘડીને બિરદાવતાં ૨૮ મી ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ" તરીકે ઉજવાય છે. ૨૮મી ફેબ્રુઆરીએ ડૉ. રામને તેમની નોબેલ પુરસ્કાર મેળવનારી શોધ 'રામન ઈફેકટ'નો આવિષ્કાર કર્યો હતો. પ્રકાશના કિરણો કઈ રીતે કામ કરે છે તે વિશે તેમણે ઉંડું સંશોધન કર્યુ હતું જે પાછળથી ભૌતિક વિજ્ઞાન જગતમાં 'રામન ઈફેકટ' તરીકે ઓળખવામાં આવે છે.

# ડીસામાં બંધન બેંકનો પ્રારંભ




ડીસાની દિપક હોટલની બાજુમાં આવેલ પાનીબા શોપીંગમાં અગ્રણી બિલ્ડર શંકરભાઈ ખત્રીએ બંધન બેંકને વિધિવત રીતે પ્રજાની સેવામાં ખુલ્લી મૂકી હતી. આ પ્રસંગે બેંકના ગુજરાત હેડ પંકજભાઈ ગાંધી, સામાજીક કાર્યકર લલિતભાઈ દોશી, રોટેરીયન રાજેન્દ્રભાઈ ઠક્કર, સંતોષભાઈ અગ્રવાલ સહિત શહેરના અગ્રણી નાગરિકો અને વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આબુરોડ ખાતે આંતર રાજ્ય બોર્ડર પોલીસ વિભાગની મીટીંગ યોજાઈ

પાલનપુર

તા.૨૮/૦૨/૧૮ ના કલાક ૧૩-૦૦ વાગે પોલીસ મહાનિરીક્ષક, જોધપુર રેન્જ (રાજસ્થાન) નાઓના અધ્યક્ષ સ્થાને ગેલ ઈન્ડીયા લી.મી.ના કોન્ફરન્સ હોલ આબુરોડ રાજસ્થાન ખાતે આંતર રાજ્ય રેન્જ કક્ષાની મીટીંગનુ આયોજન કરવામા આવેલ જે બોર્ડર મીટીંગમાં હવાસીંગ ઘુમરીયા, પોલીસ મહાનિરીક્ષક, જોધપુર રેન્જ, રાજસ્થાન તથા મયંકસિહ ચાવડા, નાયબ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ તથા નીરજકુમાર બડગૂજર, પોલીસ અધિક્ષક, બનાસકાંઠા,




સંજય જોષી

પાલનપુર તથા ઓમપ્રકાશ પોલીસ અધિક્ષક, શીરોહી તથા લક્ષ્મનદાસ, એડી.પોલીસ અધિક્ષક, જાલોર, રાજસ્થાન તથા ભવાનસિહ નાયબ પોલીસ અધિક્ષક શિરોહી તથા વિજયપાલસિહ નાયબ પોલીસ અધિક્ષક આબુરોડ તથા ચંપારામ પોલીસ ઈન્સપેક્ટર, રાણીવાડા તથા સુમેરસિહ પોલીસ ઈન્સપેક્ટર, સદર તથા હમીરસિહ પોલીસ સબ ઈન્સપેક્ટર, મંડાર નાઓ હાજર રહેલ.

અનુસંધાન પાના નં.૬

# થરા શ્રી વિનય વિદ્યા મંદિર ખાતે ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો દિક્ષાંત શુભેચ્છા સમારંભ

તા પ્રતિ. થરા

કાંકરેજ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી વિનય વિદ્યા મંદિર ખાતે ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને દિક્ષાંત શુભેચ્છા સમારંભ મંડળના પ્રમુખ અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો. શાળાની બાળાઓએ સ્વાગતગીત અને આચાર્ય એમ.ડી.પટેલ શબ્દ પુષ્પથી સૌનું સ્વાગત કરેલ. આ પ્રસંગે ગત સાલ ધો.૧૦ અને ધો.૧૨ (સા.પ્ર) (વિ.પ્ર.) માં બોર્ડની પરિક્ષામાં પ્રથમ મેળવનાર તેજસ્વી તારલાઓને ડૉ.હેમરાજભાઈ પટેલ દ્વારા અર્પણ કરેલ પુરસ્કારની રકમ થકી શિલ્ડ એનાયત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યા. આ પ્રસંગે ડૉ. હેમરાજભાઈ પટેલ પૂર્વ.આચાર્ય થરા કોલેજ, ઈશ્વરભાઈ પટેલ (વસ્તાસર) ગીરીશભાઈ પટેલ, રામજીભાઈ પટેલ, પૂર્વ.આચાર્ય, કરશનભાઈ પટેલ, યશપાલસિંહ વાઘેલા, ડામરભાઈ પટેલ, માનસુંગભાઈ પટેલ, સવરામભાઈ પટેલ, ભગવાનભાઈ પટેલ-જાખેલ રાયમલભાઈ પટેલ, રાજુભાઈ પટેલ, ઉમેશભાઈ પ્રજાપતિ તથા સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહી વિદ્યાર્થી ભાઈ બહેનોને શુભકામના પાઠવેલ.



યશપાલસિંહ ટી.વાઘેલા

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પરિક્ષાનો ભય રાખ્યા વિના શાંત મને એકાગ્ર બની પરિક્ષા આપી ધ્યાન-એકાગ્રતા જીવનમાં સફળતાની ચાવી છે. પરિક્ષાલક્ષી ખોટો ભય રાખવાની કોઈ જરૂર નથી. સમારંભના અધ્યક્ષ એ પણ શુભકામના પાઠવી.

કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ નાયી તથા અઈ.બી.બોકાએ તથા આભાર વિધિ એમ.વી.પટેલે કરેલ.

# ૩૧-કુચાવાડા જિલ્લા પંચાયત સીટ ઉપર ડૉ.રાજાભાઈનો વિજય

ડીસા

ડીસા તાલુકાની કુચાવાડા જિલ્લા પંચાયત સીટ ઉપર ડીરેક્ટશ્રી, માર્ગદર્શક મંડળ-બનાસડેરી-પાલનપુર તથા નિવૃત મદદનીશ પશુપાલન નિયામક, (ગુ.રા.) ડૉ. રાજાભાઈ મોતીભાઈ પટેલ રહે.ફાગુદ્રા, તા.ડીસાએ ૧૦૫૦૧ મત મેળવીને ૩૮૫૪ મતોથી ભાજપના ઉમેદવાર તરીકે ભવ્ય વિજય થવા પામેલ છે. કુચાવાડા જિલ્લા પંચાયત સીટ એ કોંગ્રેસનો ગઢ ગણાય છે, ને સીટ ઉપર જંગી બહુમતીથી ભાજપનો ભવ્ય વિજય થયેલ છે. સાથે સાથે નીચે આવતી તાલુકા પંચાયતની ચારે ચાર સીટો ઉપર પણ ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયેલ છે.



ડૉ. રાજાભાઈ ગુજરાત સરકારમાંથી ફરજ બજાવીને નિવૃત થઈને સામાજીક ક્ષેત્રે કામગીરી કરે છે. શ્રી સત્તાવીસ આંજણા પટેલ યુવક મંડળ-ડીસામાં કારોબારી સભ્ય તરીકે વર્ષોથી સેવાઓ આપીને શૈક્ષણિક કામગીરી કરીને સમાજને સેવાઓ આપે છે.

# સુરતમાં રેડીમેડ કાપડના વેપારીના પત્ની અને પુત્ર સાથે ૧૨માં માળેથી ઝંપલાવી સામુહીક આપઘાત



વસંત બારોટ

સુરત

સુરતના સરથાણા વિસ્તારમાં આજે એક દંપતીએ ૮ વર્ષના એક માસુમ બાળક સાથે બિલ્ડીગના ૧૨માં માળેથી ઝંપલાવી સામુહીક આત્મહત્યા કરી લેતા સમગ્ર સૌરાષ્ટ્ર કનિદૈ લાકિઅ સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઇ છે.

સુત્રો પાસેથી મળતી માહીતી અનુસાર મુળ સૌરાષ્ટ્રના અમરેલી પંથકના રહેવાસી વિજયભાઇ ચતુરભાઇ વઘાસીયા છેલ્લા કનિદૈ લાકિઅ કેટલાક સમયથી અકિલા સુરતમાં રહે છે. તેઓ છેલ્લા કેટલાક મહિનાથી સરથાણામાં આવેલી મેજેસ્ટીકા હાઇટસમાં ૯ માં માળે રહેવા આવ્યા હતા. આજે સવારે કનિદૈ લાકિઅ વિજયભાઇ મોર્નીગ વોક કરીને સવારે આશરે ૬ વાગ્યે ઘરે આવ્યા બાદ તેમના પત્ની અકીલા અને પુત્ર સાથે બિલ્ડીગના ૧૨ માં માળે ટેરેસ પર ગયા હતા કનિદૈ લાકિઅ અને ત્રણેય સભ્યોએ અહીથી કુદીને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. વિજયભાઇના આપઘાતનું કારણ હજુ પણ અકબંધ જણાય છે. પરંતુ પ્રાથમીક વિગત અનુસાર કનિદૈ લાકિઅ આર્થિક સંકડામણ હોવાનું કહેવાય છે. પોલીસે ઘટના સ્થળેથી મળેલી સુસાઇડ નોટ મુજબ તપાસ હાથ ધરી હતી.

# વડોદરામાં ડ્રગ્સ કૌભાંડનો પર્દાફાશ : ત્રણની ધરપકડ

અમદાવાદ

વડોદરા એસઓજીના અધિકારીઓએ આજે એક મહત્વના ઓપરેશનમાં વડોદરામાં અટલાદરા વિસ્તારમાંથી યુવાધનને નશાખોરીના રવાડે ચઢાવતાં એક ખતરનાક ડ્રગ્સ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ચોંકાવનારી વાત તો એ હતી કે, આ કૌભાડમાં અટલાદરા વિસ્તારના પોશ એરિયામાં રહેતો પાઠક પરિવાર પોતે જ સંડોવાયેલો હતો અને પોલીસે આ ડ્રગ્સ કૌભાંડમાં માતા-પુત્ર અને પૂત્રવધુની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓ પાસેથી પેન્ટાઝોસીન લેકટેટ(ફોર્ટવીન) ડ્રગ્સના ૭૨૦ ઈન્જેક્શન જપ્ત કર્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આ ડ્રગ્સ કૌભાંડનો રેલો ઉત્તરપ્રદેશના ફરૂખાબાદ સુધી પહોંચ્યો હોવાની વિગતો સામે આવી છે, તેથી પોલીસે તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. વડોદરામાંથી સૌપ્રથમવાર આવું ડ્રગ્સ કૌભાંડ પકડાતા રાજયભરમાં ખળભળાટ મચી ગયો છે. આ અંગેની વિગત એવી છે કે, વડોદરા એસઓજીને અટલાદરા વિસ્તારમાં રહેતો એક પરિવાર ડ્રગ્સના ઈન્જેકશનની હેરાફેરી કરતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી, જેના આધારે પોલીસે રેલ્વે સ્ટેશનની આસપાસ ગુપ્ત વોચ ગોઠવી હતી અને એ વખતે પોલીસના ધાર્યા મુજબ ત્યાં આવેલા માતા-પુત્ર અને પૂત્રવધુને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા અને તેઓની પાસેથી પેન્ટાઝોસીન લેકટેટ(ફોર્ટવીન) ડ્રગ્સના ૭૨૦ ઈન્જેકશનો જપ્ત કર્યા હતા. આટલી મોટી સંખ્યામાં ડ્રગ્સના ઈન્જેકશનનો જથ્થો જોઈ ખુદ પોલીસ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે, માતા-પુત્ર અને પૂત્રવધુ વડોદરા શહેરમાં યુવાધનને નશાખોરીના રવાડે ચઢાવતા હતા અને તેઓને આ ડ્રગ્સ ઈન્જેકશન પૂરા પાડતા હતા. પોલીસે વડોદરાના અટલાદરા વિસ્તારમાં કેનાલ રોડ પર આવેલી રોઝવેલ વાટિકાના મકાન નંબર-૫૮ ખાતે રહેતા માતા નયનાબહેન પાઠક,

અનુસંધાન પાના નં.૬

# રાજકોટ :અસામાજિક તત્વોએ ૧૪ બાઈકો, બે કાર સળગાવી

અમદાવાદ

રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ત્રણ સોસાયટીઓની બહાર પાર્ક કરેલ ૧૪ બાઈક અને બે કારને સ્થાનિક અસમાજિક તત્વોએ સળગાવી દેતાં સમગ્ર શહેર ખાસ કરીને સ્થાનિક રહેવાસીઓમાં ભારે હાહાકાર મચી ગયો હતો. પોલીસ તપાસમાં એ હકીકત સામે આવી હતી કે, આરોપીઓએ જવલનશીલ પદાર્થ છાંટી એવી રીતે વાહનોને આગ ચાંપી હતી કે, તમામ વાહનો આગમાં ભસ્મીભૂત અને બળીને જાણે રાખ થઈ ગયા હતા.

જો કે, સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઇ ગઇ છે અને એકાદ શખ્સ આગ ચાંપીને ચાલતો જતો નજરે પણ પડે છે, તેથી સીસીટીવી ફુટેજના આધારે પોલીસે આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેરના સરદારનગર વિસ્તારમાં તાજેતરમાં જ આ પ્રકારે સ્થાનિક અસામાજિક તત્વો દ્વારા ૧૧ વાહનોને આગ ચાંપી સળગાવી દેવાયા હતા. એ પછી પદ્માવત ફિલ્મના વિરોધમાં કરણી સેના અને રાજપૂત સમાજના લોકો દ્વારા ત્રણ-ચાર દિવસ પહેલાં જ એસ.જી હાઈવે પર અને હિમાલયા મોલ સહિતના પાંચેક મલ્ટિપ્લેક્સની બહાર ૧૦૧ જેટલા વાહનોને આગચંપીની જોરદાર ઘટના સામે આવી હતી, જેને પગલે રાજયભરમાં ખળભળાટ મચી ગયો હતો અને આ વિવાદ હજુ શમે ત્યાં જ ગઈકાલે રાત્રે રાજકોટમાં આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારની ત્રણ સોસાયટીઓની બહાર પાર્ક કરાયેલા ૧૪ બાઈક

અનુસંધાન પાના નં.૬

# કાર્તિ બાદ હવે ચિદમ્બરમની ધરપકડ કરવાનો તખ્તો તૈયાર

નવીદિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમની ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજકીય લડાઈ શરૂ થઇ ગઇ છે. આ મામલામાં પ્રથમ વખત કાર્તિ પર આક્ષેપ કરનાર ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ હવે પી ચિદમ્બરમની ધરપકડની માંગ કરી છે. સ્વામીએ કહ્યું છે કે, કાર્તિ બાદ હવે ચિદમ્બરમનો નંબર છે. બીજી બાજુ કોંગ્રેસે કહ્યું છે કે, રાજકીય દુશ્મનાવટના પરિણામ સ્વરુપે ભાજપ દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. મોદી સરકાર ભ્રષ્ટાચાર વાત કરી રહી છે પરંતુ યોગ્ય લોકોની ધરપકડ થઇ રહી નથી. કાર્તિ ઉપર આક્ષેપ છે કે, એરસેલ-મેક્સિસ અને આઈએનએક્સ મિડિયા માટે ખોટી રીતે એફઆઈપીબીની મંજુરી લેવામાં આવી હતી. બંને મામલા ૨૦૦૭ના છે તે વખતે પી ચિદમ્બરમ નાણામંત્રી હતા. સ્વામીનું કહેવું છે કે, ચિદમ્બરમ પણ અપરાધી છે. એક મહિનામાં જ તેમની પણ ધરપકડ કરાશે. આ કેસમાં રાજકીય દુશ્મનાવટ સાથે કોઈ લેવા દેવા નથી. વડાપ્રધાન મોદીએ આ કેસથી પોતાને અલગ રાખ્યા છે.

અનુસંધાન પાના નં.૬

## સરકારી પોલીટેકનીક પાલનપુર

માલણ દરવાજા અંબાજી રોડ, પાલનપુર

આ સંસ્થા ખાતેની છોકરાઓની હોસ્ટેલ મેશ અને કેન્ટીન ચલાવવા માટેના ટેન્ડરર ફોર્મસ તા. ૦૫/૦૩/૨૦૧૮ થી તા.૧૭/૦૩/૨૦૧૮ સુધીમાં સવારે ૧૧:૦૦ થી ૫:૦૦ સુધી મેળવી શકાશે (જાહેર રજાનાં દિવસો સિવાય) ટેન્ડર ફોર્મની ફી રૂ. ૫૦/- છે. ભરેલા ટેન્ડરો તા.૦૫/૦૩/૨૦૧૮ થી તા. ૧૭/૦૩/૨૦૧૮ (જાહેર રજાના દિવસો સિવાય) સુધીમાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં રૂબરૂમાં સ્વીકારવામાં આવશે. ભરેલા ટેન્ડરો તા.૨૦/૦૩/૨૦૧૮ ના રોજ બપોરે ૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર કોઈપણ કારણ વગર રદબાતલ કરવાનો હક અબાધિત છે.

આચાર્ય,
સરકારી પોલીટેકનીક પાલનપુર

ક્રમાંક : નામાનિ/પાલન/૫૫૬/૨૦૧૭/૧૮

## જાહેર નિવિદા

આથી શેરડી રસ કોલા ચલાવતા ઈસમોને જણાવવાનું કે, ડીસા નગરપાલિકા વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ નગરપાલિકા નક્કી કરેલ સ્થળે સિઝન પુરતા સમયગાળા માટે શેરડી રસ કોલા મુકવા અંગે જાહેર હરાજી તા.૭/૦૩/૨૦૧૮ ના રોજ ૧૦-૦૦ કલાકે રાખેલ હોઈ રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા ઈસમોએ અગાઉથી રૂા. ૨૦૦૦/-ડીપોઝીટ ભરવાની રહેશે. આ અંગેની હરાજીની શરતો હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે. સ્થળ અંગેની વિગતો ઓફીસ સમય દરમ્યાન જોવા મળી શકશે. હરાજીનું સ્થળ ડીસા નગરપાલિકા કચેરીએ રાખવામાં આવેલ છે.

નં.ન.પા.જમીન/દબાણ/વશી સને ૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી
ડીસા. તા.૨૮/૦૨/૨૦૧૮

મુખ્ય અધિકારી
ડીસા નગરપાલિકા

## કોટેશન નોટિસ



શ્રી ચામુંડા માતાજી મંદિર ટ્રસ્ટ સાંતલપુર - રજી નં. એ ૬૮ નીચે મુજબના લેબર કામ માટે રસ ધરાવતા લેબર કોન્ટ્રાકટરો પાસેથી મજુરીકામના ભાવ માટેની આ કોટેશન - નોટિસ છે.

કામની વિગત - ચામુંડા માતાજી મંદિર સાંતલપુરના પટાંગણમાં સાથે દર્શાવેલ નકશા મુજબ ચબુતરો તથા પક્ષીઘર ચણની ઓરડી

કોટેશન નંબર ૨૦૧૮/૧ અંદાજીત મજુરીની રકમ ૮૫૦૦૦ રૂા. (પંચ્યાસી હજાર)

કોટેશન મોકલવાનું સરનામું : શ્રી સી.એમ.ઠક્કર પ્રિન્સિપાલ - રાધનપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ - રાધનપુર

શરતો
૧. આપેલ પ્લાન મુજબ મજુરી કામ કરવાનું રહેશે.
૨. પ્લાનમાં આંશિક ફેરફાર ટ્રસ્ટી મંડળ કરી શકશે.
૩. નિયુક્ત કરેલ સુપરવાઈઝરની સુચના મુજબ કામ કરવાનું રહેશે.
૪. મજુરી કામનું બિલ ત્રણ નકલમાં આપવાનું રહેશે જેનું ૧૦ દિવસમાં ચેક દ્વારા પેમેન્ટ થશે.
૫. કોટેશનની મુદત આજ તારીખથી ૧૦ દિવસની છે.

પ્રમુખશ્રી
ચામુંડા માતાજી મંદિર ટ્રસ્ટ સાંતલપુર

## PUBLIC NOTICE

District Banaskantha, Sub District & City Palanpur, Sheet No. 57/B, C.S.No. 11819, paiki 3842.48.18 sq.mtrs. land paiki City Light Theater paiki G.F. Shop No. 27 adm. 11.28 sq.mtrs. that Municipal Shop No. 11/2084/G/27, is fully owner and possession holder Dineshbhai Hajaribhai Parihar (Darji) of Palanpur, he purchased shop No. 27 from Kamalkumar S. Bijlani, by Regi. R.D.No. 671 dtd. 05-02-2015, Dineshbhai H. Parihar and Kamalkumar S. Bijlani purchsed said property from Mamtaben A. Vasvani, by regi. S.D.No. 6291 dtd.26-12-2013, Mamtaben A. Vasvani, purchsed shop No. 27 from Rekhaben H. Patel by S.D.No. 1233 dtd.03-03-2012, Rekhaben H. Patel purchased said shop No. 27 of "Citylight Business Center" paiki by M.D. Narendrakumar S. Bahora and others by Sale Deed No. 1441 dated 04-05-2009. Dineshbhai H. Parihar (Darji) is also lawful woner of this property is free from encumbrances. Above documents paiki (1) Sale deed No. 1441 dated 04-05-2009, and its R.R., and (2) R.R. of Sale deed No. 1233 are missing and/or loss in his home.

he demand Title Clearance Certificate from me, I issue Public Notice. It is inform to all like persons, Bank, Government, Semi Govt., institute or any persons has any share, interest, lien, morggage on this property or any body has any objection or dispute regarding the said Property. It is here by inform to below mention address and mail within 7 days of this notice, If not received any objection, of any person, or institute, Bank, company, No body has any rights, share, interest on this property, and believing the same. Title Clear certificate issue and then after No any objection shall be considered.

At. palanpur,
Date : 28-02-2018

Sign
(Manharkumar S. Gurjar)
Advocate

Office :- 8th, 1st Floor, Gitanjalee Compalex, Opp. District Panchayat, At. Palanpur, Banaskantha (N.G.) (m) 94263 65238, mail id - manhargurjar10@gmail.com

# તંત્રી સ્થાનેથી ...

**ક્યારેક તો આપણને એવા લોકો પાસેથી પણ જ્ઞાન મળે છે જેને આપણે અભિમાનવશ અજ્ઞાની સમજીએ છીએ.**

## અંદાજપત્ર ખરેખર શું ગામગરીબોનું છે ખરું !

દેશની ગરીબ પ્રજા મોંઘવારી, બેકારી, ગરીબી અને ભ્રષ્ટાચારથી ત્રસ્ત છે. ગરીબ લોકો રોટી, કપડાં, મકાન, શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓથી વંચિત છે. હાલના મુડીવાદી અને કોમવાદી માનસીકતા ધરાવતાં શાસકો ધનિકો તરફી અને ગરીબો વિરોધી છે. શાસકો આર્થિક અને રાજકીય સત્તાનું કેન્દ્રિકરણ કરીને સમગ્ર શાસન વ્યવસ્થા ઉપર પોતાનો અંકુશ રાખે છે, સરમુખત્યાર બની બેસે છે અને ખાસ કરીને ગામડાના ગરીબો ઉપર જોહુકમી ચલાવે છે. હાલના શાસકો વધુ મૂડીવાદી તરફી વિચારધારાને વરેલા છે અને સમાજના નબળા વર્ગો માટે સહાનુભૂતિ ધરાવતા નથી. આપણે સૌ જાણીએ છે કે, આપણો દેશ કૃષિપ્રધાન દેશ છે, છતાં પણ આઝાદી પછી સતત તરફેણ મૂડીવાદીઓની થતી રહી છે.સદ્ભાગ્યે આ વખતે નાણામંત્રીશ્રી જેટલીજીએ સમાજના નવ મુખ્ય આધાર સ્તંભને કેન્દ્રમાં રાખીને અંદાજપત્ર રજૂ કર્યું તે આવકારદાયક છે. જેમાંના મુખ્ય બે મુદ્દા કૃષિ ક્ષેત્રની કાયાપલટ અને ગ્રામીણ અર્થતંત્રને વેગવંતુ બનાવવાનો છે. તેઓશ્રીને એવો ખ્યાલ આવી ગયો છે કે, ગ્રામીણ ગરીબોના મત અંકે કરવા ગ્રામીણ વિકાસ એ જ મહત્વનું પરીબળ છે. તેથી તેમણે સરકારની વૃતિ અને શક્તિની દિશા બદલીને આ વખતે બજેટમાં ગરીબોના ઉધ્ધારની વાત કરી છે. સરકારની ''થીન્ક ટેન્ક''ને એમ લાગી રહ્યું છે કે, ગ્રામીણ વિસ્તારના નાગરીકો જ હવે તેમને ઉગારી શકે તેમ છે. એટલે તેમને ખુશ કરવા માટે ગ્રામ્ય અને કૃષિલક્ષી અંદાજપત્ર રજૂ કર્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે અગાઉના અંદાજ પત્રમાં સ્માર્ટ સિટી, બુલેટ ટ્રેન, સ્કિલ ઈન્ડિયા, ડિઝીટલ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા જેવા મોહક શબ્દોનો કે યોજનાઓનો કે શ્લોગનોનો ઉલ્લેખ પ્રમાણમાં વધુ રહ્યો છે. તેથી આ વર્ષે ભારતના ૧૨૫ કરોડ નાગરીકોને સંપૂર્ણ પણે શ્લોગન મુક્ત અંદાજપત્રનો લાભ મળ્યો છે.એનડીએની સરકાર આવ્યા પછી તજજ્ઞોને એમ લાગી રહ્યું હતું કે, ભારત દેશમાંથી કૃષિ અને ગ્રામ્ય વિકાસની વાત અદશ્ય થઈ જશે. તેને બદલે આ વખતે ઉલટું ગ્રામીણ સંકટ દુર કરવા અને કૃષિ અર્થતંત્રને મજબુત કરવાના સઘન પ્રયત્નો કરવામાં આવ્યા છે. ખેતી ક્ષેત્ર અને ગ્રામ્ય જીવનના પ્રશ્નો સામાજીક અને આર્થિક બંન્નેને ઉકેલવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આજદિન સુધી મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર યોજના એટલે કે મનરેગાનો વડાપ્રધાન સહીત સૌ એ મન મુકીને વિરોધ કર્યો હતો. કટાક્ષ પૂર્ણ વચનો સહીત મનરેગા વિશે ઉતરતી કક્ષાના નિવેદનો થતા રહ્યા હતા. સતત સંસદમાં અને સંસદની બહાર મનરેગાની નિંદા અને મજાક ઉડાવી એવું કહેવામાં આવતું હતું કે, વિશ્વને અમે યુપીએ સરકારની નિષ્ફળતાના એક જીવતા જાગતા સ્મારક તરીકે બતાવીશું. આ એક એવી સરકાર હતી કે જે ગરીબ લોકોને ખાડા ખોદાવીને પેટ ભરવાના પૈસા આપતી હતી. વડાપ્રધાનશ્રી તો એમ કહેતા નજરે ચડ્યા છે કે, મનરેગા જેવી ખરાબ યોજના મેં આજદિન સુધી નથી જોઈ, હું એ યોજનાને બંધ નહીં કરું કારણકે ભારતની પ્રજા યુપીએ સરકારની ભૂલને કાયમ યાદ રાખે.

ખેતી, ગામડા એ બંન્નેની પાયાની સુવિધા આ અંદાજ પત્રમાં ધ્યાનમાં રખાઈ છે. તેને ગરીબલક્ષી અને કિસાનલક્ષી ખપાવવાનો ખૂબ જ ભારે પ્રયત્ન થઈ રહ્યો છે. છતાં પણ આ અંદા-જપત્ર દ્વારા ભારતની ૭૦ ટકા પ્રજાને મોંઘવારી, આર્થિક શોષણ, બેરોજગારી વગેરેમાં રાહત મળશે તો તે એક આનંદ દાયક વાત બની શકશે. આ અંદાજપત્રની સફળતાનો સમગ્ર આધાર વહીવટી તંત્રના અભિગમ તરફ નિર્ભર છે, કારણકે કોઈપણ યોજનાને સફળતા અને નિષ્ફળતા અધિકારીઓ દ્વારા જ મળતી રહેતી હોય છે, તેમ કહેવું અજુકતું નથી.

રખર અંદાજપત્રમાં ખેડુતોના લાભની વાત કરવી હોત તો તેમને ઉત્પાદિત વસ્તુના ટેકાના પોષણક્ષમ ભાવો વધારીને ગ્રામીણ પ્રજાની આવકમાં ઉમેરો કરવો જોઈતો હતો અને તે દ્વારા જ તેમનું જીવન ધોરણ સુધારી શકાયું હોત. વીજળી, સિંચાઈ, ખાતરમાં વધુ સબસીડી આપીને ખેડુતોને રાહત આપી શકાઈ હોત. ગ્રામીણ વિસ્તારમાં ઉત્પાદિત પાકને સાચવવા માટે સારા ગોડાઉનો માટેની વ્યવસ્થા અંદાજપત્રમાં ગોઠવાઈ હોત તો સ્વાભાવિક રીતે ખેડુતોને પોતાના પાકની વધારે કિંમત મળી શકી હોત. ખરેખર તો સિંચાઈના ક્ષેત્રમાં ભારે રોકાણ થાય તો જ ખેત ઉત્પાદન વધી શકે. પાણી અને પાક વિમો એ ખેડુતોની જીવાદોરી બની છે ત્યારે તે તરફ પણ ધ્યાન અપાયું હોત તો ગ્રામીણ જનતા વધુ ખુશ થઈ હોત. છેલ્લા બે વર્ષથી ''અચ્છે દિન''ની રાહ જોઈને બેઠેલી દેશની ગ્રામીણ જનતાને ખરેખર આ બજેટ ''હથેળીમાં ચાંદ'' જેવું ન સાબિત થાય તો સારું.



ગુજરાત ઈનોવેશન સોસાયટી દ્વારા ૧માર્ચ સાંજે ૫ વાગ્યે I talkનું આયોજન કરવામાં આવ્યું છે..જેમાં Dr S Kristofer - Chairman DRDO Delhi and Mr Tapan Patel -Trustee SVPKM NMIS Mumbai îkhk Innovationને પ્રાધાન્ય મળે અંને ગુજરાત એમ હંમેશા અગ્રેસર રહે તેવા હેતુ સર આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે.. ITalk 5pm at Amphiteatre , behind Gujarat university Tower, 1st March Thursday.

### આત્મચિંતન

## હોળી પર્વ

હોળીએ અધર્મ ઉપર ધર્મની તથા અસત્ય ઉપર સત્યની વિજયનું પર્વ છે. હોળી પર્વની પૌરાણિક કથાથી સૌ કોઈ પરિચિત છે. આદર્શસત્યાગ્રહી પ્રહલાદનાદમન માટે હિરણ્યકશ્યપના છળ અને પ્રપંચ સફળ થઈ શક્યા નહિ, તેને ભસ્મ કરવાના પ્રયત્નમાં હોળીકા બળી મરી અને પ્રહલાદ તપથી કંચન બની ગયા. ખીજ અને ક્રોધથી ઉન્મત હિરણ્યકપશ્ય જ્યારે સ્વયં પ્રહલાદને મારવા દોડ્યો, તો ભગવાન નૃસિંહએ પ્રકટ થઈ તેને સમાપ્ત કરી દીધો.

આ રાષ્ટ્રીય ચેતનાના જાગરણનું પર્વ છે. જ્યાં વર્ગભેદ છે. ત્યાં સમસ્ત સાધનો હોવા છતાં પણ કલેશ અને અશક્તતા જ રહેશે, જેનામાં ભાતૃભાવનો સહકાર છે તે અલ્પ સાધનોમાં પણ પ્રસન્ન રહે છે. એટલે જ આને સમતાનું પર્વ મનાય છે. કાર્યવિભાજન માટે કરેલ પ્રમુખ વર્ગોને મહત્વ આપવાની પરંપરા રાખવામાં આવી છે. હોળી પર્વમાં શુદ્ર વર્ગને પ્રધાન મહત્વ આપીને સમતા સિદ્ધાંતને ચરિતાર્થ કરવામાં આવે છે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## એક સૈકા જૂની બૈધનાથ આયુર્વેદ દ્વારા દિલ્હી ખાતે પ્રથમ એક્સક્લુઝીવ સ્ટોર આર્યુવેદાંત ખુલ્લો મુકાયો



આયુર્વેદના ક્ષેત્રમાં એક સદીથી વિશ્વસનીય અને અગ્રણી બૈધનાથ દ્વારા પ્રાકૃતિક, જૈવિક અને આયુર્વેદિક ઉત્પાદનો તરફ વધી રહેલા ગ્રાહકોના આકર્ષણને લક્ષમાં રાખી ગત સપ્તાહમાં દેશના પાટનગર દિલ્હી ખાતે બૈધનાથ દ્વારા તેનો પ્રથમ એક્સક્લુઝીવ રિટેલ સ્ટોર આયુર્વેદાંત ખુલ્લો મુકવામાં આવ્યો છે. આયુર્વેદ ઉત્પાદનોની સૌથી મોટી ઉત્પાદક કંપની ઝાંસીની બૈધનાથ પાસે આશરે ૭૦૦ પ્રકારના ઉત્પાદનો છે અને તેણે યુવાનોની બદલતી પસંદગીને પુરી પાડવાના ઈરાદાથી આ સ્ટોર ખોલ્યો છે. ૧૯૧૭માં પોતાની સ્થાપના બાદ હાલમાં જ ૧૦૦ વર્ષ પુર્ણ કરી ચુકેલી બૈધનાથ આયુર્વેદે પ્રાચીન જ્ઞાનને આધુનિક અનુસંધાન અને વિનિર્માણ ટેકનોલોજીની મદદથી પૂનઃ સ્થાપિત કરવાનો માર્ગ પ્રશસ્ત કર્યો છે. નેચરલ જ્યુસ, જૈવિક મસાલાઓ, કેમિકલ ફ્રી સોંદર્ય પ્રસાધનો અને હર્બલ ન્યુટ્રાસ્યૂટિકલસ્ સાથે કંપનીએ હાલમાં એફએમસીજી બજારમાં ડગ માંડી રહ્યા છે અને ઉત્પાદનોનું પ્રદર્શન માટે તથા તેને વેચવા માટે આ સ્ટોર ખોલવામાં આવ્યા છે.

## ઈઝીટેપ એ ભારતમાં સૌપ્રથમ આધાર પે ઈનેબલ્ડ પીઓએસ ટર્મિનલ - ઈઝીસ્માર્ટ લોન્ચ કર્યુ



ભારતની અગ્રણી પેમેન્ટ સોલ્યુશન કંપની ઈઝીટેપ એ આજે તેના ડિવાઈસીસમાંથી એક – ઈઝી સ્માર્ટને લોન્ચ કરવાની ઘોષણા કરી છે. આ પ્રોડકટ ભારતની સૌપ્રથમ આધાર પે અને ઈકેવાયસી ઈનેબલ્ડ (સક્ષમ) ઓપન પ્લેટફોર્મ, સ્માર્ટ જીપીઆરએસ ટર્મિનલ છે જે ડિઝિટલ પેમેન્ટનો સર્વશ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરે છે. ભારતમા યૂનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ), ભારત કયુઆર અને આધાર પે જેવા વિશિષ્ટ પેમેન્ટ ઈન્સ્ટ્રુમેન્ટસની રજુઆત સાથે ગત બે વર્ષમાં ડિઝિટલ પેમેન્ટમાં વૃદ્ધિ થઈ છે. ઈઝીસ્માર્ટ ઈઝીટેપના યૂનિવર્સલ પેમેન્ટ એસેપ્ટન્સ પ્લેટફોર્મ (સ્વીકૃતી મંચ) પર ચાલે છે, જે દેશનું સૌપ્રથમ પીઓએસ ટર્મિનલ છે જે યૂપીઆઈ, ભારત કયુઆર અને આધાર પે સહિત બધાજ પ્રકારના ચૂકવણીના વિકલ્પોનો સ્વીકાર કરવાની ક્ષમતા રાખે છે. આ ક્રેડિટ અને ડેબિટ કાર્ડસની સાથે સાથે વિભિન્ન મોબાઈલ વોલેટસની ચૂકવણીના વિકલ્પોનો સ્વીકાર કરે છે. ઈઝીસ્માર્ટ કોઈપણ વ્યકિતને આધાર લિંકડ બેંક ખાતા દ્વારા સરળતાથી વિનિમયની સુવિધા પ્રદાન કરે છે, જેના માટે તેને ઉપકરણ પર આવેલ ફિંગરપ્રિંટ સેંસર પર આંગળી મૂકવાની હોય છે.

## અમેરીકન ટુરીસ્ટરે ફુટબોલ પ્રતિભા ક્રિસ્ટીનો રોનાલ્ડો ને ૨૦૧૮ માટે બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કર્યો

અમેરીકન ટુરીસ્ટર વિશ્વની અગ્રણી ફેશનેબલ , યુથફુલ , ઈન્ટરનેશનલ ફેશન બ્રાન્ડ છે તેણે ગર્વ સાથે આંતરરાષ્ટ્રીય ફુટબોલ સુપરસ્ટાર અને ફેશન આઈકોન ક્રિસ્ટીનો રોનાલ્ડો ને ૨૦૧૮ માટે પોતાના બ્રાન્ડ એમ્બેસેડર જાહેર કર્યા છે. ૫ વખત વિજેતા , વર્લ્ડ રેકોર્ડ ધરાવનાર અને હાલમાં ફિફા બેલોન ડોર એવોર્ડ (૨૦૦૮, ૨૦૧૩, ૨૦૧૪,૨૦૧૬, ૨૦૧૭) , ભુતપુર્વ માનચેસ્ટર યુનાઈટેડ (૨૦૦૩-૨૦૦૯ ) અને રિયલ મેડ્રીડ (૨૦૦૯થી હાલ ) ગોલ-સ્કોરીંગ રેકોર્ડ બ્રેકરે તેના કરીયર દરમીયાન ૨૪ ટોફી જીતચિે. જેમા ૪`ઈહ્લછચેમ્પિયનશીપ લિગ ટાઈટલ, અને તે ૨૦૧૬માં`ઈહ્લછયુરોપિયન ચેમ્પિયનશીપમાં પોર્ટુગલ ના કેપ્ટન બની જીત અપાવેલ. ક્રિસ્ટીનો રોનાલ્ડો આજના સૌથી વધુ લોકપ્રિય અને જાણીતા સ્પોર્ટીંગ આઈકોન છે. ક્રિસ્ટીનોએ ભારતમાં અમેરીકન ટુરીસ્ટરના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ઈન્ડિયન ક્રિકેટ કેપ્ટન અને સુપરસ્ટાર વિરાટ કોહલી સાથે જોવા મળશે. વૈશ્વિક સ્તરે ફેસબુક અને ઈન્ટાગ્રામ પર સૌથી વધુ ફોલોઅર ધરાવનાર ડાયનેમીક, સ્ટાઈલિશ અને કોન્ફીડન્ટ ક્રિસ્ટીનો રોનાલ્ડો અમેરીકન ટુરીસ્ટર બ્રાન્ડ સાથે સાર્થક રીતે સાનુકુળ છે. ક્રિસ્ટીનો ને બોર્ડ પર લાવવા માટે આનાથી વધુ સારો સમય કોઈ હોઈ શકે નહી. ઓન ફિલ્ડ અને ઓફ ફિલ્ડ તેના જીવંત અને બાહોશ વ્યકિતત્વ અમારા ફન લવીંગ , વાઈબ્રન્ટ બ્રાન્ડ વ્યકિતત્વ સાથે તદ્દન મેળ ખાય છે. અમારી સાથે તેની હાજરી અમારી બ્રાન્ડ ને નેક્સટ લેવલ લઈ જશે.

## ન્યુ ટાઈડ પ્લસ વિથ એક્સ્ટ્રા પાવર ઈન્ડિયા ખાતે લોન્ચ કરાયો



ભારતમાં પીએન્ડ જી ની અગ્રણી ફેબ્રીક બ્રાન્ડ ટાઈડ પ્લસ દ્વારા ન્યુ ટાઈડ પ્લસ વિથ એક્સ્ટ્રા પાવરની રજુઆત કરવામાં આવી. ભારતની અગ્રણી ડીટરજન્ટ બ્રાન્ડનુ નવુ વર્ઝન ફોર્મ્યુલેશન અપગ્રેડ કરાઈ સુપીરીયર કિલનીંગ અને એક્સ્ટ્રા વ્હાઈટનેસ સાથે છે. અગ્રણી અભિનેત્રી શ્રધ્ધા આર્યા ,અનિતા હસનંદાની અને સાઈ તમહન્કર દેશના બિગ બઝાર, રિલાયન્સ માર્ટ , અને સ્ટાર બજાર સ્ટોર્સમાં પ્રવાસ કરી આ ન્યુ ટાઈડ પ્લસ વિથ એક્સ્ટ્રા પાવર લોન્ચ કયો` અને ટાઈડના લેટેસ્ટ કેમ્પેન #TideGivesExtra વિશે જણાવ્યુ.

ટાઈડે હમેશા ચોકાવનારી સફેદી આપી છે આજ સ્પીરીટ જીવનામાં લાવે છે બધાને હમેશા કઈક વધારે અને વધુ સારુ જોઈએ છીએ.ખસ કરીને તેમના પત્ની અને માતા ના રુપે, સ્ત્રીઓ હમેશા પોતાના પરિવારઅને બાળકો ને વધુ સારુ આપવા હમેશા પ્રયત્નશીલ રહે છે. જો એક્સ્ટ્રા પાવર ટાઈડ તો એકસ્ટ્રા પાવર વ્હાઈટ. નવી પ્રોડકટ ૫૦૦ ગ્રામ માટે રુ.૪૭ અને ૧ કિલો માટે રુ. ૯૪ માં ઉપલબ્ધ છે.

## કેટીએમ દ્વારા ભિલોડામાં રોમાંચક સ્ટન્ટ શોનું આયોજન



હિંમતનગર

યુરોપીયન રેસિંગ લિજેન્ડ કેટીએમ દ્વારા ભિલોડામાં દિલધડક અને રોમાંચક કેટીએમ સ્ટન્ટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્ટન્ટ શોનું આયોજન માઈન્ડબ્લોઈંગ સ્ટન્ટ રાઈડ્સ અને પ્રોફેશનલ સ્ટન્ટ રાઈડર્સની ટ્રીક્સ દર્શાવવા માટે કરાયું હતું.આ સ્ટંટ શો રાધા ક્રિશ્ના શોપિંગ મોલ, ભિલોડા ખાતે આયોજીત કરવામાં આવ્યું હતું.'કેટીએમ બ્રાન્ડ તેના હાઈ પર્ફોર્મન્સ રેસિંગ બાઈક્સ માટે જાણીતું છે અને અમે હંમેશાં ઈચ્છીએ છીએ કે ગ્રાહકો કેટીએમ બાઈક્સ જે સાહસ અને રોમાંચ આપે છે તેનો અનુભવ કરે. પ્રોફેશનલ્સ સ્ટન્ટ શોનું દરેક મોટા શહેરમાં આયોજન કરવામાં આવે છે અને તેમાં આગળના સમયમાં હજુ પણ વધારો કરવામાં આવશે. કેટીએમ એક એક્સ્લુઝિવ પ્રિમિયમ બ્રાન્ડ છે અને અમે આતુરતા દર્શાવીએ છીએ કે અમે કેટીએમ ગ્રાહકોને આ અનોખા કેટીએમનો ખાસ અનુભવ આપી શકીએ.'આ ઈવેન્ટ તમામ લોકો માટે ખુલ્લી મુકાઈ હતી અને રોમાંચક સ્ટન્ટ્સથી શહેરમાં ધૂમ મચી ગઈ હતી. કેટીએમ પ્રશંસકો કેટીએમ બાઈક્સની વિવિધ રેન્જમાંથી ખરીદી શોપ નં. ૧૯, ૨૦, મેપલ ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, સહકારી જીન રોડ પાસે, નેશનલ હાઈવે-૮, હિંમત નગર, ગુજરાત ખાતે થી કરી શકે છે.

## પીઆરએસઆઈ - અમદાવાદ ચેપ્ટર અને એનએસઈ - ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ ટ્રસ્ટ દ્વારા કમ્યુનિકેટિંગ ફાઈનાન્સિયલ પીઆર અંગે શિક્ષણાત્મક સેમીનાર



અમદાવાદ

સિસ્ટમેટિક ફાઈનાન્સિયલ પ્રોડક્ટસ અંગે પાર્ટિસિપન્ટ્સમાં જાગૃતિ આવે અને તેઓને તેમના રિસ્ક પ્રોફાઈલ પર આધારિત રહીને રોકાણના વિવિધ વિકલ્પોને ઓળખવામાં મદદરૂપ થવા માટે પીઆરએસઆઈ-અમદાવાદ ચેપ્ટર અને એનએસઈ - ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ ટ્રસ્ટ દ્વારા સંયુક્ત રીતે આજે ફાઈનાન્સિયલ સેમીનાર અને પ્રોગ્રામનું આયોજન આઈઈઈ - ઈન્વેસ્ટમેન્ટ ઈનસાઈટ્સ, એજ્યુકેશન ટીપ્સ અને એમ્પ્લોઈમેન્ટની તકો દ્વારા કમ્યુનિકેટીંગ ફાઈનાન્સિયલ પીઆર માટે કરવામાં આવ્યું હતું. સેમીનારની ચર્ચામાં ભારતમાં એનપીએ - તેના વધતા બનાવો અને તેના ભાવિ ઉકેલો વિશેનો મુદ્દો પણ સામેલ કરાયો હતો. જેની શરૂઆત તેમણે ૨૦૧૬માં વિવિધ સેવાઓ જેમકે એસએમઈ લિસ્ટીંગ કન્સલ્ટન્સી, વેલ્થ એડવાઈઝરી અને એજ્યુકેશન સાથે કરી હતી.તેઓએ ફાઈનાન્સ, માર્કેટીંગ અને ફાઈનાન્સિયલ માર્કેટ્સ મીડિયા જેવા વિષયોના વિદ્યાર્થીઓ સાથે પણ સક્રિયતાથી ચર્ચા કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે પીઆરએસઆઈ-અમદાવાદ ચેપ્ટરને હાલમાં જ ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭થી ૧૭ ડિસેમ્બર, ૨૦૧૭ દરમિયાન વિશાખાપટ્ટનમ ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા પબ્લિક રિલેશન્સ કોન્ફરન્સમાં ૨૩ નેશનલ ચેપ્ટર્સમાં જોઈન્ટ બેસ્ટ ચેપ્ટર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## એમવે ઈન્ડિયાએ ન્યુટ્રિશનનો પોર્ટફોલિયો મજબૂત બનાવ્યઃ ન્યુટ્રિલાઈટ પારંપરિક હર્બ્સ શ્રેણી રજૂ કરી



ચેન્નાઈ

દેશની અવ્વલ ડાયરેક્ટ સેલિંગ એફએમસીજી કંપની એમવે ઈન્ડિયાએ ન્યુટ્રિલાઈટ પારંપરિક હર્બ્સ શ્રેણી રજૂ કરીને તેનો ન્યુટ્રિશન અને વેલનેસ પ્રોડક્ટ પોર્ટફોલિયો મજબૂત બનાવ્યો છે. નિસર્ગનું શ્રેષ્ઠતમ અને વિજ્ઞાનનું શ્રેષ્ઠતમના આધાર સાથે એમવે ન્યુટ્રિલાઈટ પારંપરિક હર્બ્સ ભારતીય પારપંરિક વિવેકવિચાર અને આધુનિક સંશોધનનું શ્રેષ્ઠતમ જ્ઞાન એકત્ર લાવતાં શારીરિક લલાભો સાથે ન્યુટ્રાસ્યુટિકલ પ્રોડક્ટ પૂરકોની વ્યાપક શ્રેણી ઓફર કરે છે. નવી શ્રેણીનું લક્ષ્ય મહેસૂલી ઊપજ ૨૦૨૦ સુધી રૂ. ૧૨૫ કરોડ સુધી પહોંચાડવાનું છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયાના ધ્યેયની રેખામાં નવી ન્યુટ્રિલાઈટ પારંપરિક હર્બ્સની શ્રેણી એમવે દ્વારા સરકારની મેક ઈન ઈન્ડિયા પહેલ પ્રત્યે કટિબદ્ધતા પર ભાર આપે છે, કારણ કે તે ભારતીય ગ્રાહકો માટે વિકસાવવામાં આવી છે. આ શ્રેણી તામિલનાડુના દિંડીગુલ જિલ્લામાં સ્થિત એમવેના અત્યાધુનિક એલઈઈડી ગોલ્ડ સર્ટિફાઈડ ઉત્પાદન એકમ ખાતે ઉત્પાદન કરવામાં આવી છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વિટામિન્સ અને ડાયેટરી સપ્લિમેન્ટ્સ (વીડીએસ)☐ બજારનો આકાર રૂ. ૮૪૦૦ કરોડનો છે અને આગામી ૫ વર્ષમાં તે ૧૦ ટકાએ વૃદ્ધિ પામવા સુસજ્જ છે.એમવેની ન્યુટ્રિલાઈટ પારંપરિક હર્બ્સ શ્રેણી ઓર્ગેનિક પ્રમાણિત હહર્બ્સ અને ડીએનએ ફિંગરપ્રિંટેડ હર્બ્સના એકત્રિત લાભો આપે છે, જે બજારમાં હાલમાં ઉપલબ્ધ અનોખો પ્રકાર છે. સર્વ કરના સમાવેશ સાથે રૂ. ૬૪૯ની કિંમતે દરેક પ્રકાર માટે ૬૦ ગોળીની બોટલ મળશે.

## યુરોપમાં ૨૦૧૭માં ભારતીય બનાવટની રિટેલ અને લાઈફસ્ટાઈલ

અમદાવાદ

સપ્લાય ચેઈન મેનેજમેન્ટ સર્વિસીઝ અને ફ્રેઈટ ફોરવડ`ગમાં વિશ્વની સૌથી મોટી કંપનીઓ પૈકીની એક એ પી મોલર-મર્સ્કનો ભાગ ડેમ્કોએ જણાવ્યું છે કે યુરોપમાં વર્ષ ૨૦૧૭માં ભારતીય બનાવટની રિટેલ અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટસની નિકાસમાં ગુજરાત, આંધ્રપ્રદેશ અને તામિલનાડુએ પ્રભુત્વ કર્યું છે.ઉત્તર અમેરિકા પછી કદનાં સંદર્ભમાં ભારત માટે યુરોપ સૌથી વધુ મહત્વનું ટ્રેડીંગ પાર્ટનર છે. વર્ષ ૨૦૧૭માં ભારતીય બનાવટોની આયાતમાં યુરોપે બે ટકાની વૃદ્ધિ નોંધાવી છે. વર્ષ ૨૦૧૬માં ભારતીય બનાવટોની યુરોપમાં નિકાસમાં સાત ટકાની વૃદ્ધિ થઈ હતી, જેની ખાસ નોંધ લેવી ઘટે.વર્ષ ૨૦૧૭નાં ડેટાથી તે વિગત પણ જાણવા મળી છે કે આંધ્રપ્રદેશ અને તામિલનાડુ પરંપરાગત રીતે વર્ષ ૨૦૧૬ સુધી ઉત્તર અમેરિકામાં ગાઢ વ્યાપારી ભાગીદાર રાજ્યો હતાં, જેમાં પણ પરિવર્તન આવ્યું છે.

આ પરિવર્તન અંગે સમજાવતા શ્રી વિશાલ જણાવે છે કે, 'છેલ્લા એક વર્ષમાં અમે નોંધ્યું છે કે સ્થાનિક ઉત્પાદકો તેમનાં નિકાસ લક્ષ્યાંકોને વ્યાપારનાં જોખમનાં તત્વોને ઓછા કરવા પર ધ્યાન આપતા હોવાથી આ બદલાવ જોવા મળ્યો છે. લાંબા ગાળાનાં અવકાશનાં સંદર્ભમાં હીતોને ધ્યાનમાં રાખીને આ પરિવર્તન નોંધાઈ રહ્યું છે.'

ભારતમાં વર્ષ ૧૯૯૨માં ડેમ્કોની સ્થાપના થઈ હતી અને ટૂંકા સમયમાંજ તે સૌથી મોટી સપ્લાય ચેઈન કન્સોલિડેટર, સૌથી મોટી ઓશન ફ્રેઈટ પ્લેયર તરીકે ઉભરી છે. ડેમ્કો ભારતનાં આઠ શહેરોમાં નવ ઓફિસો અને ૪૫૦થી વધુ કર્મચારીઓ ધરાવે છે. ડેમ્કોનાં ગ્રાહકોમાં એફએમસીજી, રિટેલ, કેમિકલ્સ, લાઈફસ્ટાઈલ, ટેકનોલોજી અને ઓટોમોટિવ છે.

## અસત્ય ઉપર સત્યની જીત હોલિકા દહનઃ હોળી

હોળીનો તહેવાર દર વર્ષે ફાગણ સુદી પૂનમે ઉજવાય છે. પુરાણકથા અનુંસાર આ દિવસે રાત્રે હિરણ્યકશ્યપ નામના રાક્ષસ રાજાએ પોતાનો પુત્ર કે જે વિષ્ણુની ભક્તિમાં ડૂબેલો હતો તેને ખતમ કરી નાખવા પોતાની હોળીકા નામની બહેનના ખોળામાં બેસાડી તેને સળગાવી દીધી હતી. હિરણ્યકશપની બહેન હોળીકાને અગ્નિ બાળી શકે નહિ તેવું વરદાન હતું એટલે તે નિશ્ચિત થઈને બેઠી હતી, પરંતુ તે ભૂલી ગઈ હતી કે તે એકલી જ અગ્નિમાં પ્રવેશે તો અગ્નિ તેને બાળી ના શકે તેવું વરદાન હતું. પરંતુ અહીયાં તો તે પ્રહલાદને ખોળામાં લઈને અગ્નિમાં પ્રવેશી હોવાથી બળીને ભસ્મ થઈ ગઈ. જ્યારે ભગવાનના ભક્ત એવા પ્રહલાદને ઉની આંચ પણ આવી ન હતી. લોકોએ ભક્ત પ્રહલાદના ઉગરી જવાની ખુશાલીરૂપે પૂનમના બીજા દિવસે એકબીજાને ગુલાલ છાંટી આનંદની ઉજવણી કરી હતી. ત્યારથી દર વર્ષે ફાગણ સુદી પૂનમે હોળી અને તેના બીજા દિવસનેર્" ધુળેટી " તરીકે ઉજવવામાં આવે છે . આ તહેવારની ઉજવણીની આ થઈ ધાર્મિક કહાણી. આ તહેવારની ઉજવણીમાં કંઇક નીચે મુજબ પણ લોકો આયોજન કરતા હોય છે.

નવી પરણેલી વહુઓને પહેલી હોળી નિમિત્તે ખાસ હોળી કે ધુળેટી રમાડવામાં આવે છે. અમુક ચોક્કસ વર્ગના લોકોમાં સાકરના ગાંગડાના હારડા તેમ જ ખજૂર વગેરે બાળકોને વહેચવામાં આવે છે. ક્યાંક ઠાકરડા જાતિના તેમ જ અન્ય લોકો નગારુ વગાડતા દાંડિયા રમે છે ને ગોઠ ઉઘરાવે છે પહેલો દીકરો જન્મ્યો હોય ત્યાં તેને હોળીએ પગે લગાડવામાં આવે છે. જેને " જેમ" અથવા " ઢૂંઢ " ના નામથી ઓળખવામાં આવે છે. ધુળેટીના દિવસે હોળી રમવા માટે પાણી ગુલાલ અને રંગોની સાથે ક્યાંક ક્યાંક કાદવ અને કીચડનો ઉપયોગ થાય છે. રાત્રે હોળી પ્રગટાવ્યા પછી તેની પ્રદક્ષિણા કરતી વખતે પાણી ઝારવામાં આવે છે અને શ્રીફળ પણ સારવામાં આવે છે. મકાઈની કે જારની ધાણી તેમાં હોમાય છે અને પ્રસાદ તરીકે પણ વહેચાય છે.. ધુળેટીના દિવસે ક્યાંક તોફાની છોકરાઓ રોડ ઉપર ઉભા રહી વાહનો રોકી વાહનચાલકો પાસે ગોઠ માગતા હોય છે.હોળીને ઘણી વાર રંગોના તહેવાર તરીકે પણ ઓળખવામાં આવે છે. એટલે જ તો હોળી પછી પાંચમા દિવસે આવતી પાંચમ રંગપંચમી તરીકે ઉજવાય છે.આમ હોળીનો તહેવાર જાત જાતના ને ભાત ભાતનાં સ્મરણો લઈને આવે છે ને નવાં મીઠાં કે કડવાં સ્મરણો છોડી જાય છે.હોળીના તહેવારની ઉજવણીની રીત રસમો અને પધ્ધતિ જોતાં એમ લાગે છે કે આ તહેવાર આસુરી વૃત્તિ પર દૈવી વૃત્તિના વિજયનો છે. હોળીની ઉજવણીમાં આપણે આપણામાં રહેલી મલિન વૃત્તિઓને હોમી દેવાની છે. નવા સંકલ્પો પણ લેવાના જ છે કે હવે પછી હું કોઇ વ્યસન નહિ રાખું, હું કોઇને મારા થકી હેરાન નહિ કરું. અસત્ય પર સત્યની જીત એ જ આ તહેવારનો સંદેશ છે. આવો આપણે આ સંદેશને જીવનમાં ઉતારીએ....

**અનંત પટેલ મો-૯૮૯૮૪૦૯૦૫૩**

### હોળીવિશેષ



હોળીઆવીગઈ છેઅને બધા જ રંગોના આ તહેવારની પરંપરામાં ગળાડૂબ થયેલા જોવા મળે છે. અમે ટેલિવિઝન સેલિબ્રિટીઓ પાસે પહોંચ્યા અને હોળી સંબંધી તેમની બાળપણની સ્મૃતિઓ, આવર્ષેતેમની યોજના અને એક જીવનમાં તેઓ કેવો ઉજાશ પાથરશે એવા પ્રશ્નો પૂછ્યા ત્યારે તેમના રસપ્રદ ઉત્તરોમળ્યાઃ ધ વોઈસ ઈન્ડિયા કિડ્સનોહોસ્ટજયભાનુશાલી

હુંભણવાનોક્યારેયમોકોનથીમળ્યોતેબાળકોનાજીવનમાંરંગોઉમેરવામાગું છું. હુંતેમને મોટાંસપનાં જોવાઅને તેમના જીવનમાં સારી બાબતોનું નિયોજન કરવામાટેપ્રોત્સાહનઆપવામાગુંછું. આસાથેહુંપણસખતમહેનતકરતોરહીશ, જેથીતેમનાશિક્ષણનેપ્રાયોજિતકરીશકું. હાઈફીવરપ ડાન્સ કા નય તેવર નીહોસ્ટ પ્રિયાંશુ જોરા કોઈપણજીવનમાં રંગોનો ઉમેરા`કરવાને બદલે હું તેમની અંદર રહેલા વિવિધ રંગો બતાવવા માગું છું, જેથી તેઓતેમના પોતાના કેન્વાસને પેઈન્ટ કરીશકે.

ડિસ્કવરી જીત કલાકારો દ્વારા હોલીની ઉજવણી

હોળીની ઉજવણી માટે રાષ્ટ્ર સાથે આવીને, સમગ્ર ટેલિવિઝન ઉદ્યોગને તેનાથી ઘેરાયેલા છે. રંગબેરંગી ઉત્સવ માત્ર પાણીના ગુબ્બારા અને રંગ વિશે નથી, પરંતુ ખાસ યાદ બનાવવા વિશે પણ છે. ડિસ્કવરી જીત કલાકારો સાથે નિખાલસ વાતચીતમાં, લોકપ્રિય ખ્યાતનામ તેમની પ્રિય યાદોને તહેવાર સાથે સંકળાયેલી છે.

## ડિસ્કવરી 'જીત ના નં. ૧ ખાન રાજેશ શર્મા ઉર્ફે ઈન્સ્પેક્ટર કહે છે



હોળી મારા પ્રિય તહેવારોમાંનો એક છે હું મારા પરિવાર સાથે હોળી રમવાનું પસંદ કરું છું પરંતુ હું હંમેશા સલામત, પર્યાવરણમિત્ર એવી અને સૂકી હોળી રમવામાં વિશ્વાસ રાખું છું. હું પાણી બગાડવું અને ચામડી બગાડ નાર રંગોનો ઉપયોગ કરતો નથી. હું મારા બધા મિત્રોને સલામત અને ખુશ હોળીની ઈચ્છા રાખું છું.

મારા પિતા હિરો હિલાલ' માં હીરલાલ તિવારીની ભૂમિકા ભજવનાર સરવરઅહુજા -

હોળી મારા પ્રિય તહેવારોમાંની એક છે કારણ કે તે અમને મારા બાળપણના દિવસોમાં લઈ જાય છે. મારા માતા-પિતા હંમેશાં મને રંગનો તહેવાર રમવા માટે પ્રોત્સાહિત કરતા હતા. ક્યારેક મને તે વિચિત્ર લાગે છે કે કેટલાક લોકો હોળી રમવા નથી માંગતા.

## ઉદ્યોગમાં અનોખી પહેલ કરતાં આઈડિયા દ્વારા બધા નવા 4G સ્માર્ટફોન્સ પર રૂ. ૨૦૦૦નું કેશબેક જાહેર

ઉદ્યોગમાં પ્રથમ ભારતની સૌથી વિશાળ ટેલિકોમ ઓપરેટરમાંથી એક આઈડિયા સેલ્યુલર દ્વારા બધા નવા 4G સ્માર્ટફોન્સ પર મેગા કેશબેકની ઓફર જાહેર કરવામાં આવી છે. આ ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮થી આરંભ કરતાં નવા 4G સ્માર્ટફોન લેતા બધા પ્રીપેઈડ અને પોસ્ટપેઈડ ગ્રાહકોને તે લાગુ થશે અને બધા આઈડિયાના ગ્રાહકોને કોઈ પણ બ્રાન્ડના નવા 4G સ્માર્ટફોનની તેઓ ખરીદી કરે ત્યારે રૂ. ૨૦૦૦નું કેશબેશ મળશે. આઈડિયાએ ગ્રાહકો 4G સ્માર્ટફોનમાં અપગ્રેડ કરી શકે તે માટે ભારતમાં 4Gઅપનાવવાને ગતિ આપવા માટે આ બેજોડ ઓફરને પ્રમોટ કરવા માટે ઉચ્ચ કક્ષાની કેમ્પેઈનની યોજના ઘડી કાઢી છે.

આઈડિયાની નવી કેશબેક ઓફર પર ટીવીસી વિવિધ પ્રકારના ખરીદદારો અને તેમની અનન્ય જરૂરિયાતોને પ્રેરિત છે. ટેકસેવી ખરીદદાર જાણે છે તેને કેવા ફીચર્સ જોઈએ છે, સેલ્ફી બાયરો ઉત્તમ સેલ્ફીઓ લઈ શકે તેવો ફોન પસંદ કરવા માગે છે અને ઉત્તમ ફોન કયો હોઈ શકે તે વિશે હંમેશાં મૂંઝવણમાં હોય છે અને શુદ્ધ બજેટ બાયર હોય તેમને પ્રેરિત કરવા માટે આ નવી કેશબેક ઓફર લાવવામાં આવી છે. આ બધા જ લોકો વચ્ચે એક વાતમાં સામ્યતા છે કે તેઓ સૌથી સ્માર્ટ ડીલ જોતા હોય છે.આઈડિયાના પ્રીપેઈડ ગ્રાહકોએ કેશબેક માટે પાત્ર બનવા દર મહિને રૂ. ૧૯૯ અથવા વધુ રિચાર્જ કરાવવાનું રહેશે. આ વિશેષ રિચાર્જ બધાં નેટવર્કમાં અનલિમિટેડ કોલ્સ, ૧.૪ GB/ Day ડેટા, દિવસમાં ૧૦૦ એસએમએસ, ફ્રી રોમિંગ (આઉટગોઈંગ અને ઈનકમિંગ) અને ૨૮ દિવસની વેલિડિટી આપે છે. ૩૯૮, ૪૪૯, ૪૫૯ અને ૫૦૯ જેવી લાંબી વેલિડિટીની એમઆરપી સાથે રિચાર્જ કરાવતા ગ્રાહકોએ દર મહિને રૂ. ૧૯૯નું રિચાર્જ કરાવવાનું જરૂરી નથી.આઈડિયાના પ્રીપેઈડ ગ્રાહકોએ રૂ. ૭૫૦નું કેશબેક મેળવવા માટે પ્રથમ ૧૮ મહિનામાં રૂ. ૩૦૦૦નું એકત્રિત રિચાર્જ કરાવવાનું જરૂરી છે, જ્યારે રૂ. ૧૨૫૦નું બાકી કેશબેક તે સમયગાળા માટે એકત્રિત રિચાર્જ જો રૂ. ૩૦૦૦ હોય તો આગામી ૧૮ મહિનાને અંતે જમા કરાશે.

આઈડિયાના પોસ્ટપેઈડ ગ્રાહકો માટે કેશબેક ઓફર ૩૬ મહિનાની સંપૂર્ણ મુદત માટે રૂ. ૩૮૯થી આરંભ કરતા બધા નિર્વાણ વોઈસ કોમ્બો પ્લાન્સ પર લાગુ થશે.કેશબેક ઓફર ૩૦મી એપ્રિલ, ૨૦૧૮ સુધી લાગુ થશે.

# ખેલફલક

જેમાં ક્રિકેટથી માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

## યોર્કશરના પ્રોફેશનલ ખેલાડીઓ સાથે રમવામાં મારું સારા ક્રિકેટર તરીકે ઘડતર થશે : પૂજારા



ઓગસ્ટમાં ભારત જ્યાં ટેસ્ટ રમશે એ જ મેદાનો પર પૂજારા કાઉન્ટી રમશે

આવતા એપ્રિલ મહિનામાં રાષ્ટ્રના ટોચના ક્રિકેટરો આઈ. પી. એલ.ની ટ્વેન્ટી-૨૦ સ્પર્ધામાં રમતા હશે ત્યારે દેશનો ટેસ્ટ સ્પેશિયલિસ્ટ બેટ્સમેન ચેતેશ્ર્વર પુજારા ભારતની ટીમના ઈંગ્લેન્ડ ખાતેના આગામી પ્રવાસ માટે પોતાની તૈયારી શરૂ કરશે. પુજારા આવતા ઓગસ્ટમાં ઈંગ્લેન્ડ સામે પાંચ ટેસ્ટ મેચની શ્રેણી પર નજર રાખતા ઈંગ્લિશ કાઉન્ટી યોર્કશર વતી પ્રથમ વિભાગમાં રમનાર છે. "ભારતની ટીમ ઓગસ્ટમાં ઈંગ્લેન્ડમાં ટેસ્ટ મેચો રમનાર હોવાથી હું કાઉન્ટી ક્રિકેટની મોસમમાં રમવા તત્પર છું, એમ પુજારાએ કહ્યું હતું.

પુજારા ૨૦૧૫માં પણ યોર્કશર વતી રમ્યો હતો જ્યારે તેની ટીમે કાઉન્ટી ચેમ્પિયનશિપ જીતી હતી. પુજારાએ કહ્યું હતું કે યોર્કશરની ટીમમાં સારા પ્રોફેશનલ ખેલાડીઓ છે

અનુસંધાન પાના નં.૬ ઉપર



## ઓસ્ટ્રેલિયના કેપ્ટન સ્મિથ કોહલીની જેમ બેટિંગ કરવાની કોશિષ કરે છે

વિરાટ કોહલીએ દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન પોતાની બેટિંગથી દરેક લોકોને ચોંકાવી દીધા છે. કેટલાંય સિનિયર અને અત્યારના ક્રિકેટર તો તેને દુનિયાનો સર્વશ્રેષ્ઠ બેટસમેન માની રહ્યાં છે. દક્ષિણ આફ્રિકાની મુલાકાતમાં વિરાટની બેટિંગ વિપક્ષી બોલર્સ માટે મુશ્કેલભરી થઈ ગઈ હતી. કોહલી ટેસ્ટ અને વનડે સીરીઝમાં યાદગાર ઈનિંગ્સ રમ્યો. ચોક્કસ વિરાટ અત્યારે જોરદાર કમાલ કરી રહ્યો છે પરંતુ આ બધાની વચ્ચે ઓસ્ટ્રેલિયાના સ્ટીવ સ્મિથ અને ન્યૂઝીલેન્ડના કેન વિલિયમસન પણ તેને જોરદાર ટક્કર આપી રહ્યાં છે. આ બધાં જ બેટસમેનનું છેલ્લાં એક વર્ષનું પ્રદર્શન જોરદાર રહ્યું છે. વિરાટ કોહલી અને સ્ટીવ સ્મિથને તો મેદાન પર એકબીજાને કટ્ટર હરિફ મનાય છે. તેમ છતાં ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટન સ્મિથે સ્વીકાર કર્યો છે કે તેઓ વિરાટથી પ્રેરિત થઈ તેના જેમ બેટિંગ કરવાની કોશિષ કરે છે. એક ઈન્ટરવ્યુમાં સ્મિથે કહ્યું કે હું દુનિયાના સર્વશ્રેષ્ઠ ખેલાડીઓને જોઈ કયારેક-કયારેક તેની જેમ બેટિંગ કરવાની કોશિષ કરતો હોઉ છું.

કોહલી અને સ્મિથના 'ઓન ફીલ્ડ રિલેશન' ખૂબ સારા મનાતા નથી. મેદાન પર આ બંને ખેલાડીઓ વચ્ચે કેટલીક વખત ચણભણ થઈ ચૂકી છે. તેમ છતાંય સ્મિથે ટીમ ઈન્ડિયાના કેપ્ટનના માત્ર વખાણ જ કર્યા નથી પરંતુ બારાકાઈથી જોવાનું કહ્યું છે. પરંતુ સ્પિનને સામનો કરવાના મામલામાં તેની પાસેથી શીખવાનો પ્રયાસો કરે છે. સ્મિથે કહ્યું કે વિરાટ કોહલી જે રીતે સ્પિન અને ઝડપી બોલને ઓફ સાઈડમાં રમે છે, તે મેં શીખવાનો પ્રયાસ કર્યો છે. તમને જયાંથી પણ શીખવાની તક મળે ત્યાંથી શીખતા રહેવું જોઈએ.

સ્મિથે ૨૦૧૭ની સાલમાં ભારતની મુલાકાતમાં ચાર ટેસ્ટમાં ૭૧.૨૮ની સરેરાશથી ૪૯૯ રન બનાવ્યા હતા. તેમાં ત્રણ સદી સામેલ હતી. સ્મિથના મતે માત્ર કોહલી જ નહીં દક્ષિણ આફ્રિકાના એબી ડિવિલિયર્સ અને ન્યૂઝીલેન્ડના કેન વિલિયમ્સની બેટિંગથી પણ તેણે કંઈને કંઈ શીખવું છે. મેં દક્ષિણ આફ્રિકાના ઘાતક બેટસમેન એબી ડિવિલિયર્સ પાસેથી બેટિંગ કરવાની કોપી કરી છે કે તેઓ કંઈ રીતે રિવર્સ બોલને પણ રમે છે.

## ઓસ્ટ્રેલિયા-આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણી રોમાંચક રહેશે



**ટીમ સ્પીરીટ**

દક્ષિણ આફ્રિકા અને પ્રવાસી ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી ચાર ટેસ્ટ મેચોની શ્રેણી ખુબ જ રોમાંચક બને તેવી શક્યતા છે. દક્ષિણ આફ્રિકા સતત બીજી મજબુત ટીમ સામે મેદાનમાં ઉતરનાર છે. હાલમાં જ ભારત સામે દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ શ્રેણીમાં ૨-૧થી જીત થઈ હતી. જો કે ત્યારબાદ તેની ભારત સામે જ છ વનડે મેચોની શ્રેણીમાં પાંચ મેચોમાં હાર થઈ હતી. આવી સ્થિતીમાં આફ્રિકા ટેસ્ટ શ્રેણીમાં ફરી જીતના માર્ગ પર આગળ વધવા માટે તૈયાર છે. ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ પહેલી માર્ચથી ડરબનના કિંગ્સમેડ ખાતે રમાશે. જ્યારે બીજી ટેસ્ટ નવમી માર્ચથી પોર્ટ એલિઝાબેથ ખાતે રમાશે. ત્રીજી ટેસ્ટ મેચ ૨૨મી માર્ચથી કેપટાઉનના ન્યુલેન્ડ્સ ખાતે શરૂ થનાર છે. આવી જ રીતે ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ ઐતિહાસિક જોહાનીસબર્ગના ન્યુ વાન્ડર્સ ખાતે રમાનાર છે. ઓસ્ટ્રેલિયાની ટીમ ઘરખમ દેખાવ કરવા તૈયાર છે. સ્ટીવ સ્મીથના નેતૃત્વમાં ટીમમાં તમામ ખેલાડી ફોર્મમાં છે. સ્ટીવ સ્મીથ ઉપરાંત ડેવિડ વોર્નર જેવા ખેલાડી ટીમમાં રહેલા છે. બન્ને ટીમો સંતુલિત ટીમ હોવાથી ટેસ્ટ શ્રેણી રોમાંચક બની રહેશે. યજમાન ટીમ માટે હજુ કેટલાક પાસા ચિંતાજનક છે. કારણકે સ્ટાર ખેલાડી ઈજાના તબક્કામાંથી બહાર આવ્યા નથી. સ્ટીવ સ્મીથના નેતૃત્વમાં ઓસ્ટ્રેલિયા ટીમ રવાના થયા બાદ અભ્યાસ મેચમાં હારમાં ભાગ લઈ રહી છે. પ્રથમ ટેસ્ટ પહેલા અભ્યાસ મેચ રમીને પ્રેકટીસ કરી રહી છે. ભારત અને આફ્રિકા વચ્ચે હાલમાં રમાયેલી તમામ મેચોના પરિણામ આવ્યા હતા. બન્ને ટીમોમાં રહેલા સ્ટાર ખેલાડીઓ પર કરોડો ચાહકોની નજર રહેનાર છે. જો કે સ્ટીવ સ્મિથ હાલના સમયનો શ્રેષ્ઠ બેટ્સમેન તરીકે ઉભરી આવ્યો છે.

**હાલ ભારતની સામે ટેસ્ટ શ્રેણી જીત્યા બાદ આફ્રિકા ઘર આંગણે ભવ્ય દેખાવ કરવા સજ્જ : અગ્નિ કસૌટી રહેશે : માર્ચ અને એપ્રિલ મહિનામાં ચાર ટેસ્ટ રમાશે**

## સ્પોર્ટસ ક્વીઝ

ડૉ.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં જ કઈ મહિલા ખેલાડીને કાલીકટ યુનિવર્સિટી દ્વારા ડોકટરેટની માનદ ડીગ્રી એનાયત કરવામાં આવી હતી ?

૨. આઈપીએલની હરાજીમાં ક્રીકેટરોને ઢોરબજારની જેમ ખરીદાય છે' હાલમાં આ જ વિધાન કોણે કર્યું હતું ?

૩. હાલમાં જ 'ખેલો ઈન્ડીયા સ્કૂલ ગેમ્સ'નું ઉદ્દ્ઘાટન કોણે કર્યું હતું ?

૪. હાલમાં જ 'ખેલો ઈન્ડીયા સ્કૂલ ગેમ્સ' નું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૫.અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપની શરૂઆત કયારે કરવામાં આવી હતી ?

૬. હાલમાં ભારતે કેટલામી વાર અંડર-૧૯ ક્રીકેટ વર્લ્ડકપ જીત્યો હતો ?

૭. હાલમાં અંડર-૧૯ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન કોણ છે ?

૮. હાલમાં જ ઈન્ડીયા ઓપનની બેડમીન્ટન ફાઈનલમાં કઈ મહિલા ખેલાડી સામે હારી જવાથી પી.વી.સીંધુ 'રનર્સઅપ' રહી હતી ?

૯. હાલમાં જ સ્પેનના વર્ષ ૨૦૧૭ ના 'સર્વશ્રેષ્ઠ સ્પોર્ટસપર્સન'થી કયા બે ખેલાડીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા ?

૧૦.'ફેડરરની ફીટનેસ તેના સપોર્ટ સ્ટાફને આભારી છે'હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૧. 'હજુ વધુ ગ્રાન્ડસ્લેમ જીતવા માગું છું' હાલમાં જ આ વિધાન કોણે કર્યું હતું ?

૧૨. હાલમાં વિશ્વમાં વન-ડેમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર મહિલા ખેલાડી કોણ છે ?

૧૩. હાલમાં વિશ્વમાં કેપ્ટન તરીકે વન-ડે માં સૌથી વધુ સદી કરનાર ખેલાડી કોણ છે ?

**જવાબ:**

૧.હાલમાં જ પી.ટી.ઉષા નામની મહિલા ખેલાડીને કાલીકટ યુનિવર્સિટી દ્વારા ડોકટરેટની માનદ ડીગ્રી એનાયત કરવામાં આવી હતી.

૨. આઈપીએલની હરાજીમાં ક્રીકેટરોને ઢોરબજારની જેમ ખરીદાય છે' હાલમાં આ જ વિધાન ન્યુઝીલેન્ડ પ્લેયર્સ અસોસીએશનના ચીફ એકઝીકયુટીવ હીથ મીલ્સે કર્યું હતું.

૩. હાલમાં જ 'ખેલો ઈન્ડીયા સ્કૂલ ગેમ્સ'નું ઉદ્દ્ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું.

૪. હાલમાં જ 'ખેલો ઈન્ડીયા સ્કૂલ ગેમ્સ' નું આયોજન દિલ્હી મુકામે કરવામાં આવ્યું હતું.

૫.અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડકપની શરૂઆત ૧૯૮૮ માં કરવામાં આવી હતી.

૬. હાલમાં ભારતે ચોથી વાર અંડર-૧૯ ક્રીકેટ વર્લ્ડકપ જીત્યો હતો.

૭. હાલમાં અંડર-૧૯ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન પૃથ્વી શો છે.

૮. હાલમાં જ ઈન્ડીયા ઓપનની બેડમીન્ટન ફાઈનલમાં અમેરીકાની બૈવેન ઝાંગ નામની મહિલા ખેલાડી સામે હારી જવાથી પી.વી.સીંધુ 'રનર્સઅપ' રહી હતી.

૯. હાલમાં જ સ્પેનના વર્ષ ૨૦૧૭ ના 'સર્વશ્રેષ્ઠ સ્પોર્ટસપર્સન'થી ટેનીસ સ્ટાર્સ રફેલ નડાલ અને ગાર્બિન મુગુરૂઝાન એમ બે ખેલાડીઓને સન્માનીત કરવામાં આવ્યા હતા.

૧૦.'ફેડરરની ફીટનેસ તેના સપોર્ટ સ્ટાફને આભારી છે'હાલમાં જ આ વિધાન મહીલા ટેનીસ લેજન્ડ ક્રીસ એવર્ટ લોઈડે કર્યું હતું.

૧૧. 'હજુ વધુ ગ્રાન્ડસ્લેમ જીતવા માગું છું' હાલમાં જ આ વિધાન સ્વિત્ઝરલેન્ડના રોજર ફેડરરે કર્યું હતું.

૧૨. હાલમાં વિશ્વમાં વન-ડેમાં સૌથી વધુ વિકેટ ઝડપનાર મહિલા ખેલાડી ભારતની ઝુલન ગોસ્વામી છે.

૧૩. હાલમાં વિશ્વમાં કેપ્ટન તરીકે વન-ડે માં સૌથી વધુ સદી કરનાર ખેલાડી ઓસ્ટ્રેલિયાના રીકી પોન્ટીંગ છે.

-ડૉ.પી.ડી.શર્મા (અમદાવાદ)

## ભારત તરફથી ઉમેશ યાદવની વિકેટની સેન્ચ્યુરી

**ખેલના મેદાનમાંથી** — કમલેશ કંસારા



ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ બેંગલુરૂમાં રમાયેલ ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૭ ના રોજ ચોથી વન-ડે મેચમાં સ્ટીવન સ્મીથે વિરાટ કોહલીના હાથે કેચઆઉટ કરાવીને ઉમેશ યાદવે વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં પોતાની ૧૦૦ વિકેટોની મંજીલ મેળવી હતી. વન-ડે મેચોમાં ૧૦૦ વિકેટો લેનાર ઉમેશ યાદવ ભારતનો ૧૮ મો અને વિશ્વનો ૧૩૦ મો ખેલાડી બન્યો છે.

ઝીમ્બાબ્વે વિરૂદ્ધ બુલાવાયોમાં ૨૮ મે, ૨૦૧૦ ના રોજ પોતાની પ્રથમ વન-ડે મેચ રમનાર ઉમેશ યાદવે પ્રથમ ૧૦૦ વિકેટો લેવામાં ૭ વર્ષ અને ૧૨૩ દિવસનો સમય અને ૭૧ વન-ડે મેચો રમી હતી. આ સાથે તે ભારતના સૌથી ઓછી મેચોમાં આ ઉપલબ્ધિ મેળવનાર પ્રથમ બોલર બનેલ છે.

ભારત તરફથી કપિલદેવે સૌથી પહેલાં ૧૦૦ વિકેટ મેળવનાર પ્રથમ બોલર બનેલ. ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ પોતાની ૭૭ મી મેચમાં ૧૦૦ વિકેટો પુરી કપિલદેવે ૧૯૭૮ થી ૧૯૯૪ દરમ્યાન ૨૨૫ વન-ડે મેચોમાં ૨૨૧ ઈનીંગ્સમાં ૧૧૨૦૨ બોલ પર ૬૯૪૫ રન આપીને ૨૭.૪૫ ની એવરેજથી ૨૫૩ વિકેટો પ્રાપ્ત કરી છે. તેઓ ૨૫૦ વિકેટ મેળવનાર ભારતના પ્રથમ બોલર હતા. જ્યારે આજના સમયે છઠ્ઠા સૌથી વધુ વિકેટ મેળવનાર બોલર છે.

ઈરફાન પઠાણે માત્ર ૨ વર્ષ અને ૧૦૦ દિવસમાં ૧૦૦ વિકેટો પુરી કરી હતી. પઠાણે ૨૦૦૪ થી ૨૦૧૨ ની વચ્ચે જે ૧૨૦ વન-ડે ઈન્ટરનેશનલ મેચો રમી છે. એની ૧૧૮ ઈનીંગ્સમાં ૨૯.૭૨ ની એવરેજથી ૧૭૩ વિકેટો મેળવી છે.

ડાબોડી મધ્યમા તેજ ગતિથી બોલીંગ કરનાર ઝહીરખાને પોતાની ૬૫ મી વન-ડે મેચમાં ૧૦૦ વિકેટો પ્રાપ્ત કરી હતી અને તે ભારતનો બીજો સૌથી જલદી ૧૦૦ વિકેટો મેળવનાર બોલર બન્યો હતો. ઝહીરે ૨૦૦૦ થી ૨૦૧૨ દરમ્યાન ૧૯૪ વન-ડે મેચોની ૧૯૧ ઈનીંગ્સમાં ૯૮૧૫ બોલમાં ૮૧૦૨ રન આપીને ૩૦-૧૧ ની એવરેજથી ૨૬૯ ખેલાડીઓને આઉટ કર્યા હતા. તે ભારતનો ચોથો સૌથી વધુ વિકેટો મેળવનાર બોલર છે. ભારત તરફથી સૌથી ઝડપી ૧૦૦ વિકેટ મેળવનારની ખેલાડીઓમાં ત્રીજું સ્થાન અજીત અગરકરનું છે.એણે પોતાની વિકેટોની સદી ૬૭ વન-ડે મેચોમાં પુરી કરી હતી અને તે ત્રીજો સૌથી વધુ વિકેટો મેળવનાર ભારતીય બોલર બન્યો હતો. અગરકરે ૧૯૯૮ થી ૨૦૦૭ દરમ્યાન ૧૯૧ વન-ડે મેચોની ૧૮૮ ઈનીંગ્સમાં ૯૪૮૪ બોલ પર ૮૦૨૧ રન આપીને ૨૭.૮૫ ની એવરેજથી ૨૮૮ વિકેટો મેળવી છે. જવાગલ શ્રીનાથે પોતાની વિકેટોની સદી ૬૮ મી વન-ડે મેચમાં મેળવી હતી. જમોડી ઝડપી બોલર શ્રીનાથે ભારત તરફથી સૌથી વધુ વિકેટો મેળવનાર બોલરમાં બીજા ક્રમનો ખેલાડી છે. પ્રથમ સ્થાન અનિલ કુંબલેનું છે. જેણે ૧૯૯૦ થી ૨૦૦૭ દરમ્યાન ૩૩૪ ખેલાડીઓને આઉટ કર્યા છે.

શ્રીનાથે ૧૯૯૧ થી ૨૦૦૩ વચ્ચે જે ૨૨૯ વન-ડે મેચો રમી હતી એની ૨૨૭ ઈનીંગ્સમાં ૧૧૯૩૫ બોલ પર ૮૮૪૭ રન આપીને ૨૬.૦૮ ની એવરેજથી ૩૧૫ વિકેટો મેળવી છે.

ઈશાંત શર્માએ વિકેટોની સદી ૭૦ મી વન-ડે મેચોમાં પુરી કરી હતી અને તે ભારતનો પાંચમો સૌથી જલદી ૧૦૦ વિકેટો મેળવનાર બોલર બન્યો હતો. જમોડી ઝડપી બોલર ઈશાંત શર્માએ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન જે ૮૦ વન-ડે મેચો રમી હતી એની ૭૮ ઈનીંગ્સમાં ૩૭૩૩ બોલ પર ૩૫૬૩ રન આપીને ૩૦.૯૮ ની એવરેજથી ૧૧૫ ખેલાડીઓને આઉટ કર્યા છે.

ભારત તરફથી જે સ્પીનરે સૌથી ઓછી મેચોમાં ૧૦૦ વિકેટો મેળવી છે તે બોલર છે હરભજનસિંહ. એણે પોતાની ૭૬ મી વન-ડેમાં આ સિદ્ધિ મેળવી હતી. હરભજને ૧૯૯૮ થી ૨૦૧૫ ની વચ્ચે જે ૨૩૪ વન-ડે મેચો રમી હતી એની ૨૨૫ ઈનીંગ્સમાં ૧૨૩૫૯ બોલ પર ૮૮૭૨ રન આપીને ૩૩.૪૭ ની એવરેજથી ૨૬૫ વિકેટો મેળવી છે.

-કમલેશ કંસારા

## અશ્વિનની કેપ્ટનશીપમાં હવે ગેલ, મિલર અને યુવી રમશે

**ટર્નીંગ પોઈન્ટ**

ઓફ સ્પીનર રવિચંદ્રન અશ્વિનને કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટન તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. રવિચંદ્રન અશ્વિનના ચાહકો માટે ખુબ સારા સમાચાર છે. ઈન્ડિયન પ્રિમિયર લીગની ૧૧મી સિઝનમાં તે કેપ્ટન તરીકે રહેશે. કિંગ્સ ઈલેવન પંજાબ દ્વારા આજે આની વિધિવતરીતે જાહેરાત કરવામાં આવી હતી. ટીમના ટ્વિટર હેન્ડલ પર આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ વખતે પંજાબે અશ્વિનને ૭.૬ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સમાં રવિચંદ્રન અશ્વિનને આ વખતે જાળવવામાં આવ્યો નથી. અશ્વિનની સાથે આ ટીમમાં યુવરાજસિંહ, ડેવિડ મિલર અને ક્રિસ ગેઈલ જેવા ધુરંધર ખેલાડીઓ પણ છે પરંતુ કેપ્ટન તરીકેની જવાબદારી આ વખતે અશ્વિનને સોંપવામાં આવી છે. જો કે, પંજાબ સાથે કિંગ્સ ઈલેવનમાં અશ્વિન જોડાયો ત્યારથી જ તેને કેપ્ટન બનાવવાની વાત ચાલી રહી હતી પરંતુ હવે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આઈપીએલની શરૂઆત સાતમી એપ્રિલના દિવસે કરવામાં આવનાર છે. અંતિમ મેચ ૨૭મી મેના દિવસે થશે. રવિચંદ્રન અશ્વિનની ટીમમાં ડેવિડ મિલર, યુવરાજ સિંહ પણ સામેલ છે. એરોન ફિન્ચનો પણ આ ટીમમાં સમાવેશ થાય છે. રવિચંદ્રન અશ્વિનના નેતૃત્વમાં રહેલી ટીમમાં અનેક યુવા ખેલાડી પણ છે. કિંગ્સ ઈલેવન પંજાબની ટીમમાં વિદેશી અને સ્થાનિક ખેલાડીઓને સંતુલન સાથે રાખવામાં આવ્યા છે. ટીમમાં યુવા ખેલાડી ભવ્ય દેખાવ કરવા સજ્જ છે. ટીમ નીચે મુજબ છે.

રવિચંદ્રન અશ્વિન (કેપ્ટન), મયંક અગ્રવાલ, મુજીબ જાદરાન, મંજુરદાર, ડેવિડ મિલર, માર્કસ સ્ટેનોઈસ, પ્રદિપ સાહુ, મનોજ તિવારી, યુવરાજ સિંહ, કરુણ નાયર, કેએલ રાહુલ, ટાઈ, આકાશદીપ, ક્રિસ ગેઈલ, એરોન ફિન્ચ, મોહિત શર્મા, અંકિત રાજપૂત, દ્વારસીયસ, મયંક ડાગર, અક્ષર પટેલ.

**૭ એપ્રિલથી આઈપીએલ-૧૧ની રોમાંચક શરૂઆત થશે કિંગ્સ ઈલેવન પંજાબના કેપ્ટનની જવાબદારી સોંપાઈ**

## ટી-૨૦ મુંબઈ લીગ યુવાન ક્રિકેટરો માટે સારો મંચ બનશેઃ તેન્ડુલકર



મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકરે કહ્યું હતું કે મુંબઈ ક્રિકેટ એસોસિયેશન (એમ. સી. એ.) દ્વારા યોજાનાર આગામી ટી-૨૦ મુંબઈ લીગ સ્પર્ધાની ઘણી જરૂર છે કે જે રાજ્યના યુવાન ખેલાડીઓને પોતાની આવડત દેખાડી આપવા માટેનો સારો મંચ બની શકે છે."મારું સજ્ઞપણે માનવું છે કે આવી કોઈ ટી-૨૦ લીગની મુંબઈ ક્રિકેટમાં જરૂર હતી. મુંબઈ ક્રિકેટનો ભારતના ક્રિકેટમાં હંમેશાં મોટો ફાળો રહ્યો છે અને તેના ખેલાડીઓની સંખ્યા આ વાતનો પુરાવો છે, એમ સ્પર્ધાના એમ્બેસેડર તરીકે નિમાયેલ તેન્ડુલકરે આ બાબતમાં ખુશી વ્યક્ત કરતા અહીં કહ્યું હતું. મુંબઈએ રણજી ટ્રોફી સ્પર્ધા ૪૧ વાર જીતી છે.

તેન્ડુલકરે કહ્યું હતું કે ટી-૨૦ લીગમાં રાજ્યના યુવાન ખેલાડીઓને અન્ય અગ્રણી ક્રિકેટરો જોડે રમવાનો મોકો મળશે જેમાંથી તેઓને ઘણું શીખવા મળી શકે છે. મુંબઈએ વિજય મચર્ન્ટ અને પોલી ઉમરીગરથી લઈ તેન્ડુલકર ઉપરાંત,

અજિત વાડેકર, સુનીલ ગાવસકર, ચંદ્રકાંત પંડિત, દિલીપ વેંગસરકર, સંજય માંજરેકર, પ્રવીણ આમરે, વિનોદ કામ્બલી, રોહિત શર્મા, અજિંક્ય રહાણે સહિત અનેક આંતરરાષ્ટ્રીય ક્રિકેટર રાષ્ટ્રને ભેટ કર્યા છે.

અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે ૧૧-૨૧ માર્ચ દરમિયાન યોજાનાર ટી-૨૦ મુંબઈ લીગનું પ્રોબેબિલિટી સ્પોર્ટ્સ અને વિઝક્રાફ્ટ જૂથની પ્રોબેબિલિટી સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા એમ. સી. એ.ના આશ્રય હેઠળ સંચાલન કરવામાં આવશે.

**મુંબઈએ રણજી ટ્રોફી સ્પર્ધા ૪૧ વાર જીતી છે**

## ૩૬ વર્ષના સ્વિસ સ્ટાર ફેડરરે ૯૭માં ટાઈટલ પર જમાવ્યો કબજો

**કારકિર્દીમાં ૧૦૦ ટાઈટલ જીતવાની ધરાવે છે ઈચ્છા**



રોજર ફેડરર ૨૦ ગ્રેન્ડ સ્લેમ જીત્યા છે અને હવે તેમણે ૯૭માં ટાઈટલ પર પણ કબજો જમાવ્યો છે. એબીએન એમરો વર્લ્ડ ટુર્નામેન્ટની ફાઈનલમાં ફેડરરે ગ્રિગોર દિમિત્રોવને એક કલાકની રમતમાં ૬-૨, ૬-૨થી હરાવ્યા છે. ફેડરર અને દિમિત્રોવ અત્યાર સુધી સાત વાર સામસામે આવ્યા છે અને સાતેય વાર ફેડરરનો વિજય થયો છે. દિમિત્રોવને તેમની રમવાની સ્ટાઈલને કારણે બેબી ફેડ પણ કહેવામાં આવે છે.

ફેડરર રોટરડમ ટુર્નામેન્ટમાં ત્રીજી વાર ચેમ્પિટન થયા છે. વિશ્વના ક્રમાંકમાં પ્રથમ સ્થાન મેળવ્યાના એક દિવસ પછી તેમણે આ સિદ્ધિ મેળવી છે. ૩૬ વર્ષના સ્વિસ સ્ટાર ફેરરરે જણાવ્યું હતું કે તેઓ તેમની કારકિર્દીમાં ૧૦૦ ટાઈટલ જીતવાની ખેવના ધરાવે છે.

## રાધનપુરના ડામરકાના...

પાના નં.૧ ચાલુ

અને શાનથી સ્વર્ગસ્થને સન્માન આપવામાં આવ્યું હતું. શહિદ દશરથભાઈ રાણા તેમની પાછળ ધર્મપત્ની બબીબેન,બે દીકરીઓ ૧૮ વર્ષીય ઉષાબેન અને ૧૫ વર્ષીય કાળીબેન તેમજ પિતા કરશનભાઈ અને માતા દિવાળીબેનને રડતા મૂકીને સ્વર્ગે સિધાવી ગયા હતા. શ્રીરામ સેવા સમિતિ દ્વારા સહાય

શહેરની સેવાભાવી સંસ્થા શ્રીરામ સેવા સમિતિ દ્વારા સરહદ ઉપર દેશની રક્ષા કરતા શહિદ થયેલા સ્વ.દશરથભાઈ રાણાના પરિવારજનોને દુ:ખની આ ઘડીમાં રૂ.૧૧ હજારની સહાય કરવામાં આવી હતી.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણી,પ્રતાપભાઈ ઠક્કર,પ્રવીણભાઈ મહાલક્ષ્મી,લવિંગજી સોલંકી સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## બનાસકાંઠામાં ...

પાના નં.૧ ચાલુ

કિલો એક રૂપિયા ની જાહેરાત કરાઈ પરંતુ જાહેરાતને છ માસ બાદ હજુ સુધી એક પાઈ પણ ખેડૂત કે વેપારીને મળી નથી. વેપારીઓ કહે છે સરકાર ની જાહેરાત સારી હતી પરંતુ સહાય મળી નથી. ટ્રાન્સપોર્ટ ભાડાની સહાય પણ હજુ મળી નથી.

## ધ નેશનલ વિદ્યા...

અનુસંધાન ૨ નુ ચાલુ..

અને આ શાળાના શ્રેષ્ઠ શિક્ષકો અને વિદ્યાર્થીઓને શાળાના સંચાલક પટેલ જગદીશભાઈ તથા નરપતસિંહ વાઘેલા દ્વારા શિલ્ડ આપીને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યા પછી આ પ્રસંગમા કાર્યક્રમના અધ્યક્ષશ્રી એસ.ડી.એમ.શ્રી એસ.બી.પટેલ, નગરપાલિકા પ્રમુખ બળવંતસિંહ રાવ, ડૉ.એમ.એસ. અગ્રવાલ, ડૉ.બી.જી.મોર, લાયન્સ ક્લબ ઓફ ધાનેરાના પ્રમુખ રમેશભાઈ ઠક્કર તથા ચંદ્રકાંત બી.બારોટ, દિનેશભાઈ સી.ચૌધરી, મહિપાલસિંહ વી.વાઘેલા, નારણસિંહ વી. સોલંકી તથા તમામ મહાનુભાવો ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ધ નેશનલ વિદ્યા સંકુલના એમ.ડી. નરપતસિંહ વાઘેલા અને મંત્રી જગદીશભાઈ પટેલે તમામ સ્ટાફગણને યોગ્ય માર્ગદર્શન આપી કાર્યક્રમને ભારે જહેમતથી સફળ બનાવ્યો હતો.

## ડીસા આદર્શ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

મા.વિભાગના પ્રાધાનાચાર્ય દિપ્તીબેન સોની વાલી મંડળના પ્રમુખ જયેશ દેસાઈ વિગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને બિરદાવ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન આદર્શ પ્રા.શાળાના ગુરગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વડોદરામાં ડ્રગ્સ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પુત્ર સમર્થ પાઠક અને પૂત્રવધુ મોનાલી પાઠકની ધરપકડ કરી લીધી હતી. પોલીસની પૂછપરછમાં એવો ખુલાસો પણ થયો હતો કે, આ ડ્રગ્સના ઈન્જેકશન લેવા માટે નયનાબહેન જાતે જ ઉત્તરપ્રદેશના ફરૂખાબાદ જતા હતા અને ત્યાંથી ઈન્જેકશન લઈને ટ્રેનમાં આવતા હતા. આ માહિતીના આધારે પોલીસે એક ટીમ ઉત્તરપ્રદેશ પણ તપાસ અર્થે રવાના કરી છે. તપાસમાં આરોપી પુત્ર સમર્થ પાઠક ખુદ પણ ડ્રગ્સ એડિક્ટ હોવાનું સામે આવ્યું છે, જો કે, તે અંગે પોલીસ ખરાઈ અને તપાસ ચલાવી રહી છે. જો કે, વડોદરા શહેરમાં ઝડપાયેલા આ ડ્રગ્સ કૌભાંડને પગલે સમગ્ર રાજયમાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે.

## રાજકોટ :અસામાજિક...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને બે કારને કેટલાક અસામાજિક તત્વો આગ લગાડી સળગાવી દીધા હતા. આટલા બધા વાહનોમાં આગચંપીની ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી, જેને લઈ સ્થાનિક પોલીસ પણ હરકતમાં આવી હતી. પોલીસે સીસીટીવી ફુટેજના આધારે સમગ્ર પ્રકરણમાં તપાસ હાથ ધરતાં એક શખ્સ કેટલાક વાહનને આગચંપી કરી ચાલતો જતો નજરે પડી રહ્યો છે, તેથી પોલીસે સીસીટીવી ફુટેજમાં કેદ થયેલા શખ્સોની ઓળખ કરવા અને તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

## કાર્તિ બાદ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ચિદમ્બરમ સમર્થકોને પણ મામલામાં દરમિયાનગીરી ન કરવા કહેવામાં આવ્યું છે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સૂરજેવાલાએ કહ્યું છે કે, મોદી સરકાર નિરવ મોદીના મામલામાં કાર્યવાહી કરી રહી નથી. સીબીઆઈ ભાજપના ઈશારે ચાલી રહી છે. સરકાર તમામ મોરચા પર નિષ્ફળ સાબિત થઈ રહી છે ત્યારે ભ્રષ્ટાચારના કૌભાંડો, કુશાસન અને ખોટા પ્રશાસનને છુપાવવા માટે આ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે. કોંગ્રેસના પ્રવક્તા પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું છે કે, મોદી સરકારના આશીર્વાદથી ૩૨૦૦૦ કરોડ લૂટનાર નિરવ મોદી ન્યુયોર્કમાં આરામથી બેઠા છે. સીબીઆઈ ભાજપના ઈશારે રાજકીય હરીફોને મુશ્કેલીમાં મુકી રહી છે.

## આબુરોડ ખાતે...

અનુસંધાન ૩ નુ ચાલુ..

બોર્ડર મીટીંગમાં વોન્ટેડ આરોપી તથા નાસ્તા ફરતા આરોપીઓને પકડવા બંને રાજ્યોના બોર્ડરના પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓએ એકબીજાની સાથે માહિતીનુ આદાન પ્રદાન કરેલ તેમજ બોર્ડર ઉપરની ચેકપોસ્ટ અને કાચા રસ્તાઓ ઉપરથી પરપ્રાન્તીય દારૂ, કેફી પદાર્થો, હથિયારોની હેરાફેરી ન થાય તે માટે બંને જિલ્લાઓ દ્વારા અસરકારક નાકાબંધી રાખવા અને ચોરીના ગુનાઓની ગેંગ ડીટેક્શન અને બન્ને જિલ્લાઓના પોલીસ સ્ટેશનમાં પડેલ બીનવારસી વાહનોના નીકાલ બાબતે જરૂરી કાર્યવાહી કરવા ચર્ચા કરવામાં આવેલ.

# શ્રીદેવીના કરોડો ચાહકોની આંખો પણ ભીની થઈ ગઈ

મુંબઈ

બોલીવુડની ચાંદની શ્રીદેવીના પાર્થિવ શરીરને દુબઈથી મંગળવારે રાત્રે ૯.૩૦ વાગે મુંબઈ લાવવામાં આવ્યા બાદ શ્રદ્ધાંજલિ આપવાનો સિલસિલો શરૂ થયો હતો. બોલીવુડની ચાંદનીએ અંતિમ ચાંદની રાત પોતાના ઘરમાં ગાળી હતી. ત્યારબાદ સવારે અંતિમ દર્શન માટે સેલિબ્રિટી ક્લબમાં તેના મૃતદેહને મુકવામાં આવ્યો હતો. આવાસ ઉપર શ્રીદેવીના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ બોલીવુડના કલાકારો પહોંચવા લાગ્યા હતા. શ્રીદેવીના મૃતદેહને જોઈને અભિનેતા સલમાન ખાન અને વિદ્યા બાલન સહિત અનેક હસ્તીઓ પોતાના ઉપર કાબૂ રાખી શકી ન હતી અને રડી પડી હતી. સલમાન જ નહીં બલ્કે કરોડો ચાહકોની આંખો પણ ભીની થઈ હતી. તેઓ પોતાની પસંદગીની અભિનેત્રીને અલવિદા કહી રહ્યા હતા. શ્રીદેવીના મૃતદેહને મંગળવારે અનિલ અંબાણીના પ્રાઈવેટ જેટ મારફતે લાવવામાં આવ્યો હતો. ત્યારે પત્નિ ટીના અંબાણીની સાથે અનિલ અંબાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. અનિલ કપૂર પહેલાથી જ મંગળવારે એરપોર્ટ પર પહોંચ્યો હતો. સેલિબ્રેશન સ્પોર્ટ્સ ક્લબ ગાર્ડન નંબર ૫ લોખંડવાલા સંકુલમાં બપોર સુધી શ્રીદેવીના પાર્થિવ શરીરને રાખવામાં આવ્યો હતો જ્યાં શ્રીદેવીના ચાહકો અને બોલીવુડના કલાકારો સવારથી જ શ્રદ્ધાંજલિ માટે પહોંચ્યા હતા. ભારતીય સિનેમાની સુપરસ્ટાર ૫૪ વર્ષીય શ્રીદેવીનું શનિવારે અવસાન થયું હતું.

# જેમ્સ અને જ્વેલરી સેક્ટરમાં ૧૬ ટકાનો થયેલો જંગી ઘટાડો

મુંબઈ

પીએનબી ફ્રોડના પરિણામ સ્વરુપે જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં મોટો ફટકો પડી ચુક્યો છે. આ સેક્ટરમાં ૧૬ ટકા સુધીનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. ગીતાંજલિ, ફાયર સ્ટાર ડાયમંડ બંધ કરવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં લોકોની નોકરી ઉપર પણ સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. મેહુલ ચોક્સી ગ્રુપ અને નિરવ મોદી ગ્રુપના મોટા કારોબારને બંધ કરી દેવામાં આવ્યા બાદ દૂરગામી પરિણામો જોવા મળી રહ્યા છે. જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રી ઉપર માઠી અસર પડી રહી છે. બે કંપનીઓની ગેરહાજરીમાં આ ઈન્ડસ્ટ્રીમાં ૧૬ ટકા સુધીનો ઘટાડો થયો છે. ડાયમંડ અને જ્વેલરી કારોબારમાં ૫-૬ ટકા સુધીનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. ડિફોલ્ટની પ્રક્રિયા આ સેગ્મેન્ટમાં ૩૦ ટકા સુધી વધી શકે છે. કેર રેટિંગ દ્વારા જારી કરવામાં આવેલા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ફાયર સ્ટાર ડાયમંડને જ ૧૫૮૮ કરોડ રૂપિયાનું નુકસાન થઈ ચુક્યું છે. આ ઉપરાંત અન્ય કંપનીઓને પણ નુકસાન થઈ રહ્યું છે. જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં બેંક લોનનો આંકડો ડિસેમ્બર ૨૦૧૭માં ૬૯૦૦૦ કરોડનો હતો જે ગ્રોસ બેંક ક્રેડિટની સરખામણીમાં ૭૩ લાખ કરોડ પૈકી એક ટકાની આસપાસ છે. આ બે કંપનીઓને ૧૬૦૦૦ કરોડ અને ૧૭૦૦૦ કરોડ રૂપિયા લીધા હતા. આમા લેટર્સ ઓફ અન્ડરસ્ટેન્ડિંગના પત્રો સામે લેવામાં આવેલી ૧૩૦૦૦ કરોડ રૂપિયાની લોનનો સમાવેશ કરાયો નથી. જો આને પણ ધ્યાનમાં લેવામાં આવે તો એનપીએનો આ સેક્ટર માટેનો રેશિયો ૩૦ ટકાની આસપાસ પહોંચી શકે છે. હાલમાં જ પીએનબી કૌભાંડના પરિણામ સ્વરુપે સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો હતો. આ સેક્ટર માટે એકંદરે એનપીએ રેશિયોનો આંકડો આરબીઆઈના ડેટા મુજબ ૨૦ ટકાની આસપાસ છે. હાલમાં જ સીબીઆઈ, ઈડી અને આવકવેરા દ્વારા મેહુલ ચોક્સી અને નિરવ મોદી સામે આક્રમક કાર્યવાહી કરવામાં આવી ચુકી છે. મોદી અને મેહુલ ચોક્સીની કંપનીઓમાં ક્રમશઃ મોટી સંખ્યામાં કર્મચારીઓ કામ કરે છે. ગીતાંજલિ અને નિરવ મોદીમાં ૬૪૧ અને ૨૨૦૦ કર્મચારી કામ કરે છે.

# ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન એલન બોર્ડરને પાછળ રાખી કોહલીએ બનાવ્યો વિરાટ રેકોર્ડ

ભારતીય ટીમના સુકાની વિરાટ કોહલીએ ફરી એક વખત પોતાના આક્રમક પ્રદર્શનથી ક્રિકેટપ્રેમીઓનું દિલ જીતી લીધું છે. દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ અને વન-ડે શ્રેણીમાં વિરાટે આક્રમક બેટિંગથી વિરોધી બોલરની ધૂળ કાઢી નાખી હતી. તો ટી-૨૦ શ્રેણીમાં તેમની બેટિંગ પ્રદર્શન કંગાળ રહ્યું હતું. દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં વિરાટ કોહલીએ આક્રમક પ્રદર્શન કરી ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન એલેન બોર્ડરનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

કેપટાઉનમાં રમાયેલી આખરી અને ત્રીજી ટી-૨૦ શ્રેણીમાં ભારતીય ટીમે વિજય પ્રાપ્ત કરતાં જ દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ સમાપ્ત થયો છે. વળી, આ શ્રેણીમાં વિરાટ કોહલીની આક્રમક બેટિંગથી વિરોધી બોલરો ધૂળ ચાટતા થઈ ગયા હતાં. દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં શાનદાર દેખાવને કારણે વિરાટ કોહલીએ ઈતિહાસ રચ્યો. આ ઉપરાંત તેઓ એક ટીમના પ્રવાસમાં સૌથી વધુ રન બનાવનારા બીજા ખેલાડી બન્યા છે.

ખરેખર, ભારતીય ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ સાઉથ આફ્રિકા સામેના પ્રવાસમાં આક્રમક બેટિંગ નોંધાવી ક્રિકેટ ક્ષેત્રે પોતાના કદમાં વૃદ્ધિ કરી છે. આ દરમ્યાન ભારતીય ટીમે ૬ મેચોની વન-ડે શ્રેણીમાં ૫-૧થી જીત મેળવી પ્રતિસ્પર્ધી ટીમને પરાજય આપ્યો છે. વન-ડે શ્રેણીમાં વિરાટના ફાળે ત્રણ સદી છે. આ સંપૂર્ણ પ્રવાસમાં વિરાટ કોહલીએ ૧૪ ઈનિંગ રમી ૮૭૧ રન બનાવ્યા હતાં. જેમાં ૨ અર્ધસદી અને ૪ સદીનો સમાવેશ થાય છે. આ સાથે જ સુકાની તરીકે સૌથી વધુ રન બનાવનારા તેઓ બીજા ખેલાડી બની ગયા છે.

વિરાટ કોહલીએ આ મામલે કેટલાંક દિગ્ગજ બેટ્સમેનોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જેમાં ઓસ્ટ્રેલિયન ટીમના પૂર્વ દિગ્ગજ ખેલાડી એલન બોર્ડર સામેલ છે. એલને વર્ષ ૧૯૮૫માં ઈંગ્લેન્ડ ટીમ સામેના એક પ્રવાસમાં ૧૪ ઈનિંગ રમી ૭૮૫ રન બનાવ્યાં હતાં. તો આ યાદીમાં દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન ગ્રીન સ્મિથ વિરાટથી એક પગલું આગળ છે. તેમણે વર્ષ ૨૦૦૩માં ઈંગ્લેન્ડ સામે ૧૬ ઈનિંગમાં ૯૩૭ રન બનાવી આ રેકોર્ડ બનાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, વિરાટની આગેવાનીમાં ભારતીય ટીમે દક્ષિણ આફ્રિકામાં ૨૬ વર્ષ બાદ ઈતિહાસ રચ્યો હતો. ભારતીય ટીમે એક નહીં, પરંતુ બે શ્રેણીમાં વિજય મેળવ્યો. પ્રથમ ટેસ્ટ શ્રેણીમાં ૧-૨થી મળેલી હારનો બદલો લેવા મેન ઈન બ્લુએ જબરજસ્ત વાપસી કરી ૬ મેચોની વન-ડે અને ત્રણ મેચોની ટી-૨૦ શ્રેણીમાં પોતાનો કબજો જમાવ્યો.

# ક્રિકેટમાં બોલર્સ માટે પણ હેલમેટ ફરજીયાત હોવું જોઈએ: વોરેન બર્નેસ

તાજેતરમાં જ ન્યૂઝીલેન્ડની સ્થાનિક ટુર્નામેન્ટ ફોર્ડ ટ્રોફીમાં એક કંપાવનારી ઘટના સામે આવી હતી. ગયા બુધવારના રોજ આ વનડે ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ઑકલેન્ડ અને કૈંટરબરીની ટીમ રમતી હતી. આ દરમ્યાન ઈનિંગ્સની ૧૯મી ઓવરમાં ઑકલેન્ડના બેટસમેન જીત રાવલે અંડ્રયુ એલિસના બોલ પર એક શૉટ માર્યો. આ શૉટ સીધો એલિસના માથા પર જ વાગ્યો. રાવલનો આ શૉટ એટલો ઝડપી હતો કે દડો બોલરના માથા પર અથડાયા બાદ સીધી સીમા રેખાને પાર જઈ પડ્યો અને બેટસમેનને ૬ રન મળ્યા.

જે સમયે આ બોલ બોલરના માથે લાગ્યો તે સમયે મેદાનમાં હાજર તમામ ખેલાડીઓ સહિત ક્રિકેટ પ્રેમીઓના ધબકારા વધી ગયા હતા. જો કે આશ્ચર્યની વાત તો એ હતી કે બોલ માથા પર લાગવા છતાંય એલિસ સુરક્ષિત ઉભો હતો. એલિસને સુરક્ષિત જોઈ તમામના જીવમાં જીવ આવ્યો. થોડાંક સમય માટે એલિસ મેદાનમાંથી બહાર ગયો અને ચેકઅપ બાદ તે મેચમાં રમવા માટે ફિટ જાહેર થયો. પરંતુ આ ઘટના બાદ ફરી એકવખત ચર્ચા શરૂ થઈ ગઈ છે કે શું બેટસમેનની જેમ બોલર્સની પણ રમત દરમ્યાન સુરક્ષાની સગવડ કરવી જોઈએ. શું બોલરે પણ બેટસમેનની જેમ હેલમેટ પહેરી બોલિંગ કરવી જોઈએ.

તમને ન્યૂઝિલેન્ડના સ્થાનિક ક્રિકેટર વોરેન બર્નેસ તો યાદ હશે. ગયા વર્ષે ડિસેમ્બરમાં આ બોલર ત્યારે ચર્ચામાં આવ્યો હતો જ્યારે તેમણે બોલિંગ દરમ્યાન એક ખાસ હેલમેટ પહેરી બોલિંગ કરી હતી. બર્નેસ ટી૨૦ સુપરસ્મૈશ ટુર્નામેન્ટમાં હેલમેટ પહેરીને બોલિંગ કરતાં દેખાયા હતા. બર્નેસે પોતાની બોલિંગ દરમ્યાન એવું હેલમેટ પહેર્યું હતું, જે માસ્ક અને હેલમેટનું મિશ્ર હતું. આ હેલમેટ તેમના માથા, ચહેરા, અને માથાને ઈજા પહોંચવાથી બચાવામાં ઉપયોગી છે.

બર્નેસનું કહેવું છે કે હું આશા વ્યક્ત કરું છું કે આ ઘટના બાદ વધુમાં વધુ બોલર પોતાની સુરક્ષાને ધ્યાનમાં રાખી આ પ્રકારના હેલમેટ પર ધ્યાન આપશે. ટી૨૦ ક્રિકેટના પ્રચલનમાં આવ્યા બાદ બેટસમેન હવે બોલ પર સતત પોતાના પ્રહારની ગતિ દેખાડી રહ્યાં છે. એવામાં બોલર્સની સુરક્ષા પણ અગત્યની છે.

## પૂજારા

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

જેઓ સાથે રમવામાં તેનું સારા ક્રિકેટર તરીકે ઘડતર થઈ રહ્યું છે. પુજારાના કહેવા પ્રમાણે તે કાઉન્ટી ક્રિકેટની મેચો જે સ્થાને રમનાર છે તે ભારતના પ્રવાસ માટેના બધા ટેસ્ટ કેન્દ્ર હશે જેથી તેને ત્યાંની પિચ તથા સ્થિતિનો બરાબર ખ્યાલ આવી શકશે. પુજારાના કહેવા પ્રમાણે દક્ષિણ આફ્રિકામાંથી ઈંગ્લેન્ડમાં રમવા જવામાં બેટિંગની ટેક્નિકમાં બહુ ફેરફાર કરવો પડતો નથી.

# આઠ વર્ષની વયે જ નિવેતને પ્રથમવાર હેટ્રિક ઝડપી

**ઓસ્ટ્રેલિયાનો સગીર 'ભારતીય' બોલર બંને હાથથી બોલિંગ કરવામાં માહિર છે**

ઓસ્ટ્રેલિયાના અન્ડર-૧૬ ટીમમાં એક ભારતીયને સ્થાન આપવામાં આવ્યું છે. આ ૧૫ વર્ષના બાળકનું નામ છે નિવેતન રાધાકૃષ્ણન. નિવેતનની વિશેષતા એ છે કે તે બંને હાથે બોલિંગ કરી શકે છે. નિવેતનના પિતા પરિવાર સાથે ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયા જતાં રહ્યા હતાં. આ બાળક ડાબા હાથે સ્પિન અને જમણા હાથે મધ્યમ ગતિની બોલિંગ કરે છે. આટલું જ નહીં તે ડાબોડી બેટસમેન પણ છે. તમિલનાડુના ચેન્નઈમાં લોઅર ડિવિઝન મેચ રમતા આઠ વર્ષની વયે જ નિવેતને પ્રથમવાર હેટ્રિક ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયામાં ૨૦૧૭માં ચેપલે નિવેતનને પ્રથમવાર પારખ્યો હતો. ત્યારે તેણે ન્યૂ સાઉથ વેલ્સ જુનિયર ટીમ માટે ઓપનિંગ કરતાં ૧૯૩ રન ઝૂડી કાઢ્યા હતાં. હાલમાં તે સિડનીની હોમબુશ હાઈ સ્કૂલના ધોરણ-૧૦માં ભણે છે. ઓસ્ટ્રેલિયાની અન્ડર-૧૬ ટીમમાં નિવેતનનો સમાવેશ કરાયો છે અને આગામી નેશનલ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયા અન્ડર-૧૭ સામે ટક્કર થનાર છે. ત્યારપછી ક્રિકેટ ઓસ્ટ્રેલિયાની યોજના પ્રમાણે નિવેતનને દુબઈ મોકલવામાં આવનાર છે.નિવેતન વિરાટ કોહલી અને ડિવિલિયર્સ બનવા માગે છે અને મહાન ઓલરાઉન્ડર સર ગારફિલ્ડ સોબર્સ તેના આદર્શ છે. સોબર્સ ઝડપી અને સ્પિન બંને બોલિંગ કરતાં હતાં. નિવેતને જણાવ્યું હતું કે તેને સચિનની ટેકનીક, કોહલીની આક્રમકતા, સ્ટીવ સ્મિથની ગેમ પ્લાન, શાકિબ અલ હસનના આર્મ બોલ અને નેથન લોયનના ઓફ સ્પિન ગમે છે, પરંતુ તે સર ગેર બનવાની ઈચ્છા ધરાવે છે. તેમની જેમ સંપૂર્ણ ઓલરાઉન્ડર બનવા માગે છે.

# ભારતની હોકી ટીમ કોઈપણ ટોચની ટીમને હરાવવા કાબેલ છે : મનપ્રીત સિંહ

અગ્રણી મિડફિલ્ડર મનપ્રીત સિંહે આગ્રહપૂર્વક કહ્યું હતું કે ભારતની હોકી ટીમ વિશ્ર્વની કોઈપણ ટોચની ટીમને હરાવવા કાબેલ છે અને તેણે આગામી કોમનવેલ્થ રમતોત્સવમાં ગોલ્ડ મૅડલ નહીં તો ઓછામાં ઓછો એક ચંદ્રક જીતવાની ખાતરી આપી હતી. ૨૫ વર્ષના મનપ્રીતે કહ્યું હતું કે કોમનવેલ્થ રમતોત્સવની હોકી સ્પર્ધાનું ધોરણ કેટલીક ટોચની ટીમ સાથે ઘણું ઊંચું હોય છે અને તેની ટીમે મૅડલ જીતવા માટે શ્રેષ્ઠ રમત દાખવવી પડશે.

તેણે કહ્યું હતું કે ૨૦૧૪માં ગ્લાસગોવ ખાતેના રમતોત્સવમાં રજતચંદ્રક જીત્યા પછી ભારતની હોકી ટીમમાં ઘણો સુધારો થયો છે અને ભારતે ઘણી ટોચની ટીમને પરાજિત કરી છે. "અમે કોઈપણ ટીમને કોઈપણ દિવસે હરાવી શકીયે છીએ, એમ તેણે કહ્યું હતું. હોકીની રમતનો ૧૯૯૮માં કુઆલાલમ્પુર ખાતેના રમતોત્સવમાં સમાવેશ કરાયા પછી ઑસ્ટ્રેલિયાની ટીમે બધા ગોલ્ડ મૅડલ જીત્યા છે.

આગામી કોમનવેલ્થ રમતોત્સવ ઑસ્ટ્રેલિયામાં ગોલ્ડ કોસ્ટ ખાતે ૪-૧૫ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. તેણે ૨૦૧૮ના વર્ષને ભારત માટે મહત્ત્વનું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે કોમનવેલ્થ રમતોત્સવમાં સારો દેખાવ આગામી મેચો માટે ટીમના ખેલાડીઓના આત્મવિશ્ર્વાસમાં વધારો કરશે.

# રશીદ ખાન ક્રિકેટ વિશ્વનો સૌથી નાની વયનો કેપ્ટન બન્યો

ક્રિકેટ વિશ્વને સૌથી નાની વયનો કેપ્ટન મળ્યો છે. રાશિદખાનને અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. દેશના વર્તમાન કેપ્ટન અસગર સ્તનિકઝઈના સ્થાને રાશિદખાનની વરણી કરાઈ છે. આ સાથે રાશિદખાન ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સૌથી નાની વયનો કેપ્ટન છે. અગાઉ વન ડે અને ટી-૨૦ બોલિંગ રેક્રિંગમાં સૌથી નાની વય પ્રથમ સ્થાન મેળવનાર બોલર બની રાશિદખાને ઈતિહાસ રચ્યો હતો.

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના વર્તમાન કેપ્ટન અસગર સ્તનિકઝઈને એપેન્ડિકસના ઓપરેશન માટે ઝિમ્બાબ્વેની હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આથી તેઓ ૧૦ દિવસ સુધી મેદાનમાં પાછા ફરી શકશે નહીં. આ કારણે અફઘાન ટીમના વાઈસ કેપ્ટન રાશિદખાનને કેપ્ટન બનાવવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન આસીસી વર્લ્ડ કપ ક્વોલિફાયર માટે વેસ્ટ ઈન્ડિઝ અને નેધરલેન્ડ સામે ૨૭ ફેબ્રુઆરી અને પહેલી માર્ચે હરારેમાં મેચ રમનાર છે.

ક્રિકેટના સૌથી નાની વયના કેપ્ટન

-રાશિદખાન અફઘાનિસ્તાન-૧૯ વર્ષ ૧૫૯ દિવસ

-રોટની ટ્રોટ, બરમુડા- ૨૦ વર્ષ ૩૩૨ દિવસ

-રાઝિન સલેહ, બાંગ્લાદેશ-૨૦ વર્ષ ૨૯૭ દિવસ

-તેતેંદા ટેબુ, ઝિમ્બાબ્વે- ૨૦ વર્ષ ૩૪૨ દિવસ

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૮૭૦૦-૩૯૦૦૦**
રૂપુ કાચું ૩૮૭૦૦-૩૯૦૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૫૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૦૭૦**
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૭૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૨૦
સીંગતેલ ૧૫ લી.૧૪૦૦
સીગતેલ ૫ લી. ૪૮૦
તિરૂપતી કપા. ૧૨૭૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
૫લી. અંકુર સીંગતેલ ૪૦૮
**૧૫ લીટર સનફલાય ૧૨૪૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૯૫
૨ લી. ૧૬૩
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦

જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૩૦૦-૩૫૦૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૬૦૦**
ખાંડએલ. ૩૬૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦

વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૩૦૦-૪૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૨૦૦-૪૦૦
મરચાં ૭૦૦-૮૦૦
લીંબુ ૫૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૭૦૦-૮૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૩૬૦-૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૧૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચયઃ ..........................................................

સરનામુ : ..........................................................

મોકલનારની સહી : ................................................